


C D S

અર્પણ પત્ર.

મહામાન્ય

ભાવનગરાધિપતિ શ્રી ભાવસિંહજી.

મહારાજ,

આપની દયાથી આ મારૂં પંચાવનમું પુસ્તક પાંચ વાર્ત્તા બહાર પડ્યું છે, તે આપની ઉદારતાથી જ હું હાલમાં પુસ્તકો પ્રકટ કરૂંછું, તેથી આપનો ગૂજરાતી વાંચનાર ઉપર તેમજ મારા ઉપર ઉપકાર છે. તેના સ્મરણાર્થે અને આપના બીજા ઘણા ઉદારતાના કામની પ્રશંસા તરીકે તથા આપે હાલમાં જે રાજ્યનીતિના ઉપર ઘણો જ સુંદર સંગીતનો ગ્રંથ કર્યો છે તેનાપરથી આપની ઉત્તમ લાગણીના ચિન્હ સ્વરૂપ આ પુસ્તક આપને અર્પણ કરીને આનંદિત થાઉ છું.

મુંબાઈ.	આપનો
દીવાસો, સંવત ૧૯૫૫.	નારાયણ હેમચંદ્ર.

અનુક્રમ.

પાંચ વાર્તા.

ગાંડો.

૧

રામચંદ હેમરાજ રાજકોટમાં વકીલાતનો ધંધો કરતો હતો, મોટો વકીલ હતો, ગરાકી પણ સારી જામી હતી. પૈસા પણ સારા મેળવતો હતો, તેમાંથી ઘણાખરા પૈસા ખર્ચતો હતો; તે છતાં કુટુંમ્બમાં સ્ત્રી ને કન્યા શિવાય છોકરો નહોતો. થવાની આશા પણ નહોતી. તેનો ભાઈ ગુજરાતમાં રહેતો હતો, તેની પાસે જે કંઇ વિષય હતો તેનાથી ભાઈનો સંસાર સારી રીતે ચાલતો હતો. તે છતાં પણ રામચંદ પોતાના ભાઇને રૂપીઆ મોકલતો હતો.

ભાઇ શિવશંકર વારંવાર ભાઇને લખતો હતો કે ભાઇ તમારી દીકરી મોટી થઇ છે. લગનનો બંદોબસ્ત કરવો જોઇએ. રામચંદ્ર તે વાત કાનપર ધરતો નહોતો. જમનાનું લગ્ન થયાથી તે પારકે ઘેર ચાલી જશે, ઘરમાં અંધારૂ થશે. તે વિચારથી રામચંદ્રને દુઃખ થતું હતું. તેની ઇચ્છા હતી કે એક માબાપ વિનાનો સારો છોકરો મળ્યાથી તેની જોડે જમનાનું લગ્ન કરાવીને ઘર જમાઇ તરીકે રાખું. તેવી જાતના છોકરા મળવા મુશ્કેલ હોય છે. પેલી તરફ મોટાભાઇના હમેશાંના ટોચેલાં વચનથી ગભરાતો હતો. તે છતાં જમનાની ઉમ્મર હજી અગિયાર વર્ષની પણ થઈ નહોતી.

આખરે ઘણી કોશેશ કર્યા પછી ગોંઢળના રામપ્રસાદ હરિપ્રસાદનો એકનો એક છોકરો શિવપ્રસાદની જોડે જમનાનું લગ્ન કર્યું. ઘર જમાઇ મળતો નહોતો ખરો પરંતુ રાજકોટથી ગોંઢલ ઘણું છેટે નથી. જયારે ત્યારે છોકરીને જોવાઇ શકાશે. એ આંશાથી લગ્ન નક્કી થયું. વશાખ સુદ. ૧૨

બે દહાડે જમનાનું લગ્ન થયું. રામચંદ કોર્ટનું કામ છોડીને છોકરીની જોડે ગોંડલ ગયો અને અઠવાડિયામાં જમનાને લઇને ઘેર આવ્યો; નિરાનંદ ઘર ફરી આનંદથી પૂર્ણ થયું.

આશુ મહિનામાં જમાઇને લઇને મથુરાવંદ્રાવન જવાનો વિચાર કર્યો હતો. સામાન બાંધવામાં આવ્યો હતો. યાત્રાના દહાડા પણ નક્કી કરવામાં આવ્યા હતા. જમાઇ શિવપ્રસાદ એક દિવસ પહેલા રાજકોટમાં આવશે. એવામાં એક દહાડો સાંઝે તાર આવ્યો. શિવપ્રસાદ ઘણો માંદા થયો છે, જમનાને લઇને તરત નીકળી આવવું. આવું તારમાં લખ્યું હતું તેથી રામચંદ સ્ત્રી અને દીકરીને લઇને તરત ગાડીમાં જવા નીકળ્યા. રામપ્રસાદને ઘેર પહોચીને શિવપ્રસાદને જોવા પામ્યા નહિ, શિવપ્રસાદ કોઇ અજાણ્યા પ્રદેશમાં જતો રહ્યો હતો. માબાપ તથા નાની ઉમ્મરની સ્ત્રીને મૂકીને તે હવે બીજા એક રાજ્યમાં ગયો હતો. ઉન્મત્ત રામચંદ આખું ઘર શોધ્યા છતાં તે ચહેરો એકવાર પણ જોવા પામ્યો નહિ. સ્ત્રી કન્યાને લઇને રોતો રોતો રાજકોટમાં પાછો આવ્યો. તેની ઘણી વહાલી દીકરી–ઘણું આદરનું ધન હમેશાંને માટે પોતાને ઘેર રહેવા આવી. નિરાનંદ ઘર હવે આનંદથી પૂર્ણ થયું નહિ; કોઇ એક પારકો છોકરો બધો આનંદ લઇને આનંદધામમાંથી ચાલ્યો ગયો છે.

૨

વિધવા જમના દુઃખમય જીવનના ઉપરથી પાંચ વર્ષ ચાલ્યાં ગયાં છે. રામચંદે વિધવા છોકરીને છાતી પર લઇને રાજકોટમાં પાંચ વર્ષ ગાળ્યા. અમદાવાદથી મોટા ભાઇના પુષ્કળ પત્રો તેડાના આવવા માંડયા. ઘણીવાર મોટો ભાઇ પોતે રાજકોટમાં આવ્યો હતો. પણ રામચંદે પોતાની ઉપર દેશ નીકાલની સજા આપી હતી, શું લઇને દેશમાં જાઉં ? કેટલાક દહાડા જીવું તો આ પરાયા દેશમાં હમેસાની દુઃખી દીકરીને જોડે લઇને ગાળીશ એવો તેને નિશ્ચય કર્યો હતો.

જમનાનું વય શોળ વર્ષનું થયું છે. જુવાનીની ખૂબસુરતી આખા શરીરમાં ખીલીને બ્હાર નીકળી છે, માબાપો દીકરીનું આ અતુલનીય સૌં-

નર્થે જોતા અને નિર્જનમાં આંસુઓ આંખમાંથી વરસાવતા હતા. એક એક વખત વિચાર કરતા હતા કે શિવપ્રસાદ ચાલ્યો ગયો તો આ બળતો દીવો શા માટે રાખી ગયો હશે? જમના પોતે પોતાનું ઉછળતું રૂપ ઢાંકવાની કોશેશ કરતી હતી. તેણે શરીરનાં બધાં ઘરેણાં કાઢી મૂકયા હતા. જાડું લાલ છાયલ પહેરતી તેમજ શરીરને દુર્બલ રાખવા માટે ઘણા દહાડા સુધી અપવાસો કરતી હતી. માથાના વાલ કાપી નાખવાને માટે એક વખતે તેણે પોતાની માને કહ્યું હતું; પરંતુ તે બોલવું સાંભળીને માબાપે બે દહાડા સુધી ખાધું નહિ, ત્યાર પછી પેલી કાલી ભમર જેવી વાલોની લટો કાંપવામાં આવી નહિ. માબાપને ખુશી રાખવા માટે ઘણા દુઃખમાં તેઓની સાથે પોતે સર્વદા ખુશીમાં રહેતી હતી; હૃદયનું, અસીમ દુઃખ કેટલું દબાવાવામાં આવે વારૂં, પરંતુ જ્યારે કોઈ પાસે રહેતું નહોતું ત્યારે તેના ચહેરાપર કાલાસ આવતી હતી, બેઠી બેઠી ઘણી રોતી હતી. વિધવા યુવતીની તે ભાવના ભાષામાં કહેવાનો યત્ન કરવો નકામો છે, તે વિચારનો પ્રારંભ નથી છેડો નથી; તેની પદ્ધતિ નથી, શૃંખલા નથી. જ્યારે ચિંતા કરતાં કરતાં કદાચ થાકી જાય છે, ત્યારે લાંબી હાય મારીને બોઝો જરા હલકો કરે છે. અથવા દુઃખીની વિધવા બધી ચિંતા, બધા દુઃખ, તે અખિલ. નિયંતા ઉપર સોંપીને તે વેળાના ઘરના કામકાજમાં મન લગાડવા જાય છે વળી જ્યારે ચિંતાતુરના બોઝાથી દબાય છે, કેટલી આશા, કેટલી અતૃપ્ત વાસના, કેટલા અનાસ્વાદિત સુખ, કેટલાં આકાશમાંના ફુલ ચારે તરફથી ઘેરીને બાલે છે, ત્યારે વળી દોડીને ઘરની અગાશીપર અથવા બીજી કોઇ એકાંત જગાપર જઇને ફરી આંખના પાણીની મદદથી કદી લાંબો હાયથી તેઓને વિદાય કરે છે. વિધવાનું દુઃખ ભર્યું જીવન આંવી રીતે ચાલ્યું જાય છે.

જમનાની મા ધારતી હતી કે આ અતુલરૂપ લઇને ક્યાં છુંપાડું? સર્વદા આંખની સામે રાખ્યા છતાં પણ તેનો ડર દૂર થતો નહોતો. રામચંદ કહેતો હતો કે મારી દીકરી સતી લક્ષ્મીના જેવી છે, તેના મનમાં કોઈ જાતનો અપવિત્ર ભાવ પ્રવેશ કરી શકશે નહિ. આ ભાવથી આટલા દહાડા ગયા હતા.

કઠોર કાળના ભાગ્યમાં બીજી ઘણી વાતો છે. આવી રીતે દહાડા ગયાથી તો સારૂં થાત ! એક દહાડો કોર્ટમાંથી પાછા આવતાં રામચંદનું શરીર બગડી આવ્યું હતું. તે અસુખાકારી રાતે વધી પડી હાથ પગ ઠંડા થવા લાગ્યા. ડાકટર આવ્યો; દવાપાણી પીવડાવી, પણ બધું નકામું ગયું. સહવારના પહોરમાં રામચંદનો પ્રાણવાયુ જમાઈના ઉદ્દેશથી ચાલ્યો ગયો.

૩

બીજું શું લઇને રાજકોટમાં રહેવું ! જમનાની મા વિધવા કન્યાનો હાથ ઝાલીને અમદાવાદમાં રહેવા આવી. આજે નવ વર્ષે પાછી મા દીકરી જાડા છાયલો પહેરીને ગરીબની પેઠે રહેવા આવી. ઘરમાં રેહેવું પડયું. મોહેલાના બધા જોવા આવ્યા. છોકરીનું અપૂર્વ રૂપ જોઇને બધા મૂઢ જેવા થઈ ગયા, બધાઓએ એક અવાજે કહ્યું કે છોકરી તો જાણે રૂપ રૂપનો અવતાર છે. અથવા પૃથ્વી ઉપર દેવી અવતરેલી છે. થોડા દીવસમાં છોકરીનો સ્વભાવ ચરિત્ર, વિનય નમ્ર વ્યવહાર, માતૃભક્તિ જોઇને બધા ધન્ય ધન્ય કરવા લાગ્યા.

એક દહાડો ઘરની કેટલીક સ્ત્રીઓની જોડે જમના શાબરમતી નદીપર નાહવા ગઈ હતી. તે દહાડે ભોગજોગે મહમદ નામનો એક ગરીબનો છોકરો નદીપર ફરવા આવ્યો હતો, તેની આંખ જમના પર પડી; તેણે જોયું સ્વર્ગની એક દેવી પાણીમાં નાહ્ય છે. આટલી ખૂબસુરતી આટલું રૂપ, આવી સર્વ પ્રકારે સુંદરી યુવતી કદી પણ તેની નજરે પડી નહોતી, મહમદ બીજી તરફ આંખ ફેરવી શકયો નહિ, ઓગણીસ વર્ષનો જુવાન, ગોરરંગના મહમદ આંખની પાપણો હલાવ્યા વિના તે અનિંધ સુંદર રૂપ જોવા લાગ્યો; તે જાણે તે રૂપના સાગરમાં ડૂબ્યો હોય ને એવો ભાસ થવા માંડયો. ગૃહસ્થની કન્યા, બ્રાહ્મણની દીકરી છે એ બધું ભૂલી ગયો. વિશ્વસંસાર તે વેળાએ તેના માથામાં ફરે છે. દારૂ પીને લોકો છાકટા થાય છે પરંતુ હુસેનનો ઓગણીસ વર્ષનો જુવાન છોકરો આજે વિધવા બ્રાહ્મણની કન્યાના રૂપ દારૂમાં ખરેખર ઉન્મત્તના જેવો થઈ ગયો. ધીરે ધીરે મોંથુ ઉચ્ચું કરીને જાંગપર બે હાથના ટેકણ લઇને મહમદે ઉભો રહેવાનો

કોશેશ કરી, પરંતુ શેનો વિચાર કરીને તે પાછો બેઠો. કેટલીક વારે મહમદે જમીનનું આસન છોડીને માથું નીચું ઘાલીને ચોરની પેઠે પગ હળવે હળવે ઉપાડતો નદીની તરફ ગયો. પણ ત્યાં જઇને જુએ છે તો જમના મળે નહિ.

૪

કન્દર્પ મહારાજ ગરીબ હુસેનના છોકરા મહમદના ખભા ઉપર શામાટે બોઝો લાધ્યો, તે તેજ કહી શકે; તોય અમારા ધારવા પ્રમાણે આ કામ નાના પ્રકારના કારણથી સારૂં થયું નથી. જગતમાં કોઇએ આ દીપ શિખારૂપની મૂર્ત્તિગતીની પવિત્રતાની તરફ બરાબર નજરથી જોવાની હિંમત કરી નહોતી અને આ વગર ભણેલા હુસેનનો છોકરો મહમદ તેને જોઇને શા માટે ગાંડો થયો ? શીખ્યો હોત તો કવિતા લખત, લાંબા વાળના કયારા કરત; આકાશના ચંદ્રની તરફ જોઇ રહેત; કેટલાં નિરાશના, કેટલી લાંબી હાય મારત. આખરે ભગ્ન હૃદય લઇને ગેરવા વસ્ત્ર પહેરીને હિમાલય તરફ ચાલ્યો જાત; ત્યાં નિર્જનમાં નદી કિનારે, ઝાડની ઝાડીમાં, પક્ષીઓના ગાવા વાળા તળાવની નીચે ઝુંપડી બાંધીને પ્રેમનો સંન્યાસી સજીને પ્રેમમયીના રૂપ ધ્યાનમાં કેટલાક દહાડા ગાળત. ત્યાર પછી પાછો દેશમાં આવીને લાંબા વાળ મુંડાવીને ગેરવા વસ્ત્ર ત્યાગીને એક છોકરીની જોડે પરણીને આખરે પુત્ર કન્યા લઇને સુખમાં ઘર સંસાર કરત, બ્યાપાર ઘણોજ સારો થાત, કહાણી પણ સારી ઝલકદાર થાત. પરંતુ ભાગ્યના લેખ! પ્રભુ કન્દર્પ દેવને આટલો વિચાર કરવાનો વખત નહોતો. અશુભ મુહુર્તમાં મહમદ તેના તીરનો લક્ષ્ય થયો હતો. બીચારા રોવા જાણતો નહોતો તેમજ કવિતા પણ લખતાં જાણતો નહોતો તથા ચાંદણી રાતની શોભા પણ ઉપભોગ કરવા જાણતો નહોતો.

મહમદે તે દહાડાથી કામકાજ છોડી લીધું. પહેલા ત્રણ ચાર દહાડા પોતાના ઘરમાંથી બહાર નીકલ્યો નહિ. રાતદહાડો ફક્ત ઉભડો બેસીને માથું પગ નીચે ઘાલીને બેસતો હતો. વળી એક એક વાર માથું ઉપાડીને દિલગીરી ભરેલી આંખથી ચારે બાજુએ જોતો હતો. જાણે કોઇને શોધતો હોય ને. વૃદ્ધ બાપ વિચાર કરીને ચિંતાતુર થતા, માં રોવામાં બ્યાકુલ થતી

હતી. હુસેનનો એકનો એક લાયકપુત્ર સંસારનો અવલંબન છે. તે સારી રીતે ખાતો નથી, કોઇની જોડે કંઈ બોલતો નથી, કંઇ કામ ધંધામાં જતો નથી, ફક્ત પગની નીચે માથું નાખીને મૂઢના જેવો બેસી રહે છે; કોઇ પૂછે તો આંસુઓ ભરાયલી આંખથી તેની તરફ જુએ છે.

બીજે દહાડે સાંઝે હુસેનના ઘરમાં મંડળી જામી. મોહલાનો કરીમખાં; શેખખાં વગેરે બધા આવીને બેઠા. પડોસના રબિબુલ્લા સરદારની હેંસી વર્ષની બુઢી મા પણ તે સભામાં હાજર હતી. બધાએ એક અવાજે કહ્યું, છોકરાના ઉપર પરીની નજર પડી છે. તે વિષયમાં પ્રમાણ પણ ઘણાં આપ્યાં, જૂદા જૂદા માણસોએ પક્ષની પુષ્ટિ સંબંધમાં જૂદી જૂદી કહાણીઓ કહી. હબિબુલ્લાની માએ તે દહાડાને માટે નાના પ્રકારના તીખા ખારાની વ્યવસ્થા કરી અને કાલે સવારે પ્રખ્યાત રોજા ગુણીન હાનિફ સેખને લાવવાની વ્યવસ્થા નક્કી કરી. મહમદ તે સભામાં બેસીને કેટલા માણસો કેટલું શું બોલે છે, પણ તેણે કંઇ જવાબ દીધો નહિ. બ્રાહ્મણ કન્યા જમનાનું રૂપ તેના આખા શરીરમાં વ્યાધીને જડ કરી મૂકયું હતું.

બીજે દહાડે રોજો આવ્યો, કેટલા મંત્રો ભણ્યા, કેટલાક પાણીના છાંટા નાખ્યા; પરંતુ કંઇ પણ થયું નહિ. “શક્ત પરીએ તેને ઘેર્યો છે. પોતે ઇચ્છા નહિ કર્યાથી કોઇ તેને હાંકી શકશે નહિ.” આવું કહીને રોજા પોતાને ઘેર ગયો.

૫

મહમદને બળવાન ભૂત વળગ્યું છે, તે સહેલાઇથી ઉતરવાનું નથી. તે ભૂતની વાતો કહેવા બેઠા. મહમદનાં માબાપ નિરાશ થયાં, આવો કામ કરનાર છોકરાની આવી દશા જોઇને તેઓ માથાપર હાથ દઇને બેઠાં, તેઓએ ધાર્યું કે કોઇએ જાણે તેઓના મોંના કોલિયા મોંમાથી ઝુંટાવી લીધા છે. જાણે કોઇએ આંધળાની લાકડી ભાગી નાખી હોય ને, વૈદ્યો હકીમો વળી શું કરવાના હતા? આટલો મોટો ભૂત કાઢનારે જ્યારે હાર ખાધી છે ત્યારે તેની દવા નથી. હવે ભરુસો અલ્લા ઉપર છે. તે અલ્લાના ઉપર આધાર રાખીને મહમદના માબાપ ચુપચુપ રહ્યાં.

બધાઓએ ધાર્યું હતું કે મહમદને ગાંડાના લક્ષણ જોવામાં આવશે, પરંતુ તેમાંનું કંઈ થયું નહિ. મહમદ ત્રણ ચાર દહાડા ઘરમાં બેસી રહ્યો, રાતદહાડો તેના હૃદયમાં દેવાસુરનું યુદ્ધ ચાલતું હતું. આખરે અસુરનો જય થયો. મહમદ હવે ઘરમાં રહી શકયો નહિ, પરંતુ તે શીરીતે બ્રાહ્મણના ઘરમાં જાય ? ત્યાં ગયાથી જો કોઈ પૂછે ? લોકો જો તેનાપર શક લાવે તો શું થશે ? ઘણો આઘો પાછો વિચાર કરીને આખરે મહમદે નિશ્ચય કર્યો કે નદીને કિનારે બેસવું, બ્રાહ્મણ કન્યા નિશ્ચય પાણી ભરવા અથવા નાહવા આવશે. તેથા મારી ઈચ્છા પૂર્ણ થશે. હું તો કંઇ ચહાતો નથી, ફક્ત તે પરી પ્રતિમા જોવા ઇચ્છુ છું. ફક્ત એક એકવાર જીવ તાઢો કરીને તે રૂપ સુધા પીવા ચાહુછું. મૂર્ખ હુસેનના છોકરાએ મનમાં ધાર્યું હતું તે સુંદરીનું રૂપ એકવાર જોયાથી તેનું હૃદય શીતલ થશે. રૂપદર્શનની જો કે તેના મનમાં બીજા કેટલા ભાવનો ઉદય થશે, તે તે વેળાએ ધારી શકયો નહોતો; તેનું તરસ્યું ચિત્ત એકવાર તે રૂપ જોયાથી જ પરીતૃપ્ત થશે, તેવું જ તે ધારતો હતો.

સવારમાં ઉઠીને કોઇને કંઈ નહિ કહેતાં મહમદ સાબરમતીના કિનારે જઇને બેઠો. તે આસપાસ જોવા લાગ્યો. અને મનમાં ને મનમાં કહેવા લાગ્યો. કયારે તેનું મોં જોઉં, કયારે તે આવશે, હાયહાય મહમદ ખરેખર ગાંડો થશે કે શું ?

નદી ઉપર ઘણાક બૈરાં આવ્યાં. ઘણી સ્ત્રીઓ એકએકની જોડે મશ્કેરી ઠઠા કરીને નહાતી હતી તથા લુગડાં ધોતી હતી તથા છોકરાંને નવાડીને પોતે નાહીને ઘર તરફ જતી હતી. પોહર ચઢયો પરંતુ વિધવા બ્રાહ્મણની છોકરી નહાવા આવી નહિ. ત્યારે શું આજે નદીપર નહાવા આવશે નહિ ? કદાચ તે માંદી પડી હશે, તેથી તે આજે નહાવા આવી નહિ હશે. મંદવાડના વિષય યાદ આવ્યાથી મહમદને શું નુ શું થઇ ગયું. તે વેળાએ તે બ્રાહ્મણના ઘરમાં જઇને કોઇ જાતના સમાચાર લેવાનો તેણે નિશ્ચય કર્યો.

સાબરમતીથી તે ચાલ્યો, રસ્તામાં મેદાન આવે છે ત્યાંથી તે જવા

લાગ્યો. એટલામાં સામેથી પેલી બ્રાહ્મણની દીકરી એકલી હાથમાં લુગડું લઇને નહાવા માટે આવે છે. તેને જોઇને મહમદ ચમકિને ઉભો રહ્યો; ત્યારે પછી દોડીને નાઠો.

૬

મહમદ ખરેખર ગાંડો થયો છે. તેના મોંમાં શબ્દ નથી. આખો દહાડો રામચંદ્રના બહારના ઓટલા ઉપર અથવા પડોસના ઘરના ઓટલા ઉપર પડયો પાથર્યો રહે છે. આખો દહાડો ત્યાંથી ખસતો નથી, ક્યાં પણ જતો નથી, રાતે ઉઠીને જરા રસ્તામાં દોડતો જ્યારે થકાવર જણાય છે ત્યારે પાછો આવી ઓટલા ઉપર બેસે છે. તેના માબાપ ઘણે દિવસે જોર જુલમથી તેને ઘેર લઇ ગયા છે, હાથ પગ બાંધી રાખ્યા છે, પરંતુ જો કોઈ રીતે તે એકવાર છુટો થયો કે તરત દોડતો બ્રાહ્મણના ઘરના ઓટલા ઉપર તથા સામેના ઓટલા ઉપર આવીને હાજર થાય છે, કોઈની જોડે તે બોલતો નથી, કંઇ પણ જુલમ તથા મારફોડ કરતો નથી, ફક્ત તે ઘરની અંદરના ઓરડાની તરફ તાકીને બેઠેલો હોય છે.

વિધવા જમનાનું હૃદય આ ગાંડાના દુઃખથી ગળી ગયું. આહા ! આવો જુવાન છોકરો ગાંડો થઇ ગયો ! તે વિષય સર્વદા તેના મનમાં આવતું હતું. દરરોજ બપોરે તે ગાંડાને ખાવાનું આપવા આવતી હતી. એક પતવાળીમાં તેને માટે ખાવાનું પીરસીને લાવતી હતી તથા એક નાનું હાંડળું આપ્યું હતું તેમાં તે પાણી નાખતી હતી. જમના પહેલા પહેલા ખાવાનું આપીને જતી હતી, પરંતુ બપોરે અથવા કોઈ વખતે આવીને જોતી કે ખાવાનું જેમને તેમ પડી રહેલું છે, ત્યારે દયામથી જમના ત્યાં ઉભી રહીને કહેતી કે “મહમદ ખાવાનું ખા,” તરત ગાંડો ખાતો હતો. જમના કહેતી, “મહમદ પતવાળી નાખીને મોં ધોઇને આવ,” મહમદ તરત હુકમ પાલતો હતો.

જમનાનું હવે એક કામ વધ્યું, દરરોજ ગાંડાને ખવાડતી હતી. કાકો એક એક દહાડો ઉભો રહીને આ દેખાવ જોતો અને કહેતો, “બહેન, તું તો અન્નપૂર્ણા છે, મારી બહેનના ગુણથી ગાંડા પ્રાણ વશીભૂત થાય છે.” હાય બ્રાહ્મણું તમે શું સમજશો !

બીજું શું આત્મ સંવરણ, કેવળ ઇન્દ્રિય જયની શક્તિ, આ મૂર્ખ ગરીબનો છોકરો મહમદ છે તેની સાધનાનું ધન, તેના જીવનનું અવલંબન, તેની તૃષ્ણાનું પાણી, તેની કલ્પનાનું સર્વસ્વ દરરાજ તેની સામે આવીને ઉભા છે, તેને ખાવાને માટે ખાવાનું, તરસ દૂર કરવા માટે પાણી આપી જાય છે, પરંતુ જે ભૂખથી તેનો પ્રાણ બળે છે, જે મહા તૃષ્ણાથી તેની છાતી ચીરાઈ જાય છે, મહમદ પોતાના હૃદયમાં છુપાવી રાખી હતી. એક દહાડો પણ તે સારી રીતે પોતાના દેવતાના મોં તરફ જોઇ શકયો નહિ.

૭

આવી રીતે ગાંડાનું લાંબા ત્રણ વર્ષ ચાલ્યા ગયા. ઘેલો બ્રાહ્મણના ઓટલાપર દહાડા ગાળવા લાગ્યો.

એક દહાડો બપોરે તેનું ખાવાનું આવ્યું નહિ. ગાંડાએ વિચાર કર્યો પણ તેનું કારણ તે જાણવાં પામ્યો નહિ. ઘણીવારે જમનાની માએ ખાવાનું આપ્યું. ઘેલાએ વિચાર કર્યો કે એવો કોઇ દહાડો થયો નથી કે બ્રાહ્મણની છોકરીના વિના બીજા કોઈએ આ ત્રણ વર્ષમાં મને ખાવાને આપ્યું નથી. આજે શું તેને કંઈ કામ હશે ? મહમદે તે દહાડે ખાવાનું ખાધું નહિ, જેવું ખાવાનું આવ્યું હતું તેવુંજ પડી રહ્યું.

સાંઝે ગાંડાએ સાંભળ્યું કે જમનાને ઘણો તાવ ભરાયો છે; તાવની અવસ્થા ઘણી સારી નથી. પ્રેમચંદ વૈદ્યને બોલાવ્યો. તેને નાડીની પરીક્ષા ઘણીજ સારી આવડતી હતી. તેણે જમનાની નાડી તપાસીને કહ્યું, “સન્નિપાતનો તાવ છે, બચવાની કાંઇ આશા જણાતી નથી. વિકારના લક્ષણો જોવામાં આવેલાં છે. રાત સુધી જીવે કે નહિ તે શક ભરેલું છે.” ઘરમાં રોવાનો અવાજ ઉઠયો.

વૈદ્યની વાત ખરી પડી. રાતે સાડાત્રણ વાગે વિધવા જમના બધા દુઃખથી છુટી. ઘરમાં રોવાનો રોળ ઉઠયો.

ગાંડો મહમદ હવે બહાર બેસી શકયો નહિ. ઉન્મત્તના જેવો દોડતો બ્રાહ્મણના ઘરમાં પેઠો, ત્યાં જઇને તેણે જોયું. પોતાના જીવનનું અવલંબન, પોતાના ગાંડાનું ધન, ભોય ઉપર પડેલું છે. ગાંડો હવે સ્થિર રહી શકયો નહિ,

આજે ત્રણ વર્ષથી હૃદયની જોડે મોટું સંગ્રામ કરીને તે જય પામ્યો હતો, આજે હવે ટકી શકયો નહિ. આજે તેના પરાજયનો દહાડો હતો. ઉન્મત્તના જેવો દોડીને ઘેલાએ જમનાના મોંપરનું લુગડાનું ઢાકણુ નાંખ્યું પછી મોટેથી બોલ્યો "આ જ" ચારે બાજુથી માણસો દોડી આવ્યા, ગાંડાને દૂર કરવા ગયા. ગાંડો પોતે ખસીને ઉભો રહ્યો, એકવાર પળમાત્ર મુડદાની સામું જોયું. ત્યાર પછી દોડતો ઘરમાં નીકળીને તે ઘોર અંધારામાં કયાંનો કયાં મળી ગયો.

હવે કોઈ તેનો પત્તો મેળવી શકયા નહિ.

રોગના બિછાનામાં.

૧

જુન મહિનાની પહેલી તારીખે યુરોપના મેલમાં પાલવાના બંદર ઉપર જવાની લોકોની ભીડ મચી છે. અને કેટલાક નાના મછવામાં બેસીને મેલની સ્ટીમરમાં જાય છે. સ્ટીમરમાં ઘણા માણસોની ભીડ છે. જેના સગાં વહાલાં મિત્રો વળાવા આવ્યા હતા તેઓ સ્ટીમરમાંથી ઉતરીને આવ્યા. સ્ટીમરમાંથી મોટા અવાજની સાથે ગંભીર સીટીઓ થવા માંડી. સ્ટીમર જવા માંડી. નાના મછવામાં કેટલીક ગુજરાતી સ્ત્રીઓ હતી. તેઓની આંખમાંથી આંસુઓ ઝરતા હતા. મા, દીકરી, સસરો, દીકરાની વહુ એક બીજાની સામુ જોઇને આંસુઓ વરસાવવા લાગ્યા. તે મછવામાં પુરૂષો પણ બેઠા હતા. મછવો કિનારે પહોંચ્યા. બધાની નજર સ્ટીમર તરફ હતી.

સ્ટીમરના ડેકપર બે ગુજરાતી જુવાનિયાઓ ઉભા હતા. એક ગંભીર, તેનો સ્વભાવતઃ ગંભીર ચહેરો આજે ચિંતાથી છાયાથી ગંભીરતર થયો છે; બીજો હસતા ચહેરાનો ચંચળ છે.

સ્ટીમર કિનારો છોડીને જવા લાગી. બીજો જુવાન પહેલા જુવાનની પીઠ ઉપર એક હાથ મારીને બોલ્યા, "અહિંયાં ઉભા રહેવાથી શું વળવાનું છે, ચાલ કેબીનમાં જઇએ."

પહેલા જુવાને કંઇપણ જવાબ દીધો નહિ. તેની નજર પેલા મછવા પર હતી. તેનું બધું ધ્યાન તેની દૃષ્ટિમાં આવીને પેલા મછવાને ગાટે વ્યાકુલ થઈ પડયું હતું.

બીજો જુવાનિયો બોલ્યો, "આટલામાં જ આટલી ચિંતા કરે છે, તું શીરીતે ત્રણ વર્ષ પરદેશમાં રહીશ ? હું પણ પરદેશમાં જાઉંછું. મને તો કંઇ દુઃખ થતુ નથી !"

પહેલા જુવાનિયાએ ગંભીર ભાવથી કહ્યું, "તારી અવસ્થા અને મારી અવસ્થામાં ઘણો તફાવત છે."

"તેં સ્ત્રી એક વધારે કરી છે. જો હમણાં આટલી ચિંતા થાય છે તો તારે ઇંગ્લાંડ જવું ઉચિત નહોતું. હમણાં વિચાર કરવો નકામો છે."

પહેલા જુવાન બોલ્યો, "હું કંઈપણ વિચાર કર્યા વિના પરદેશમાં જાઉં છું, આવી વાત તને કોણે કહી ? પહેલાં મને વિચાર કરવો જોઇએ ખરો, પરંતુ તેથી હમણાં મને વિચાર કરવાનો કંઈ અવસર નહિ દેવો એ શું તને જરૂર છે !"

આ જવાબથી ગુસ્સે થઇને તથા અપમાનિત થઇને શાળો બળદેવ કેબીનમાં ચાલ્યો ગયો. બનેવી સુંદરલાલ તે ડેક ઉપર એક ખુરસી ખેંચી લઇને બેઠો.

પ્રિયભૂમિ મુંબઈની છેલ્લી સીમારેખા જેટલી અસ્પષ્ટ થવા લાગી, સુંદરલાલના હૃદયમાં પત્ની પાર્વતીની પોતાના પુત્ર શિવલાલની સ્મૃતિ વધારે સમુજ્વલ જવા લાગી. એક અવ્યક્ત દુઃખ તેનું આખું હૃદય વેદના ચંચળ કરી મૂકયું. જુવાને કષ્ટથી આંસુ રોકયા.

શાળો તથા બનેવી બારિસ્ટર થવાની આશાથી એકત્ર દેશ છોડીને સુદૂર ઇંગ્લંડમાં જતા હતા. શાળો બલદેવ કુવારો હતો. બનેવી સુંદરલાલ પોતાની બાયડી તથા એક વર્ષની ઉમ્મરનો છોકરો મૂકીને પરદેશમાં જતો હતો.

તે ડેકઉપર બેસીને સુંદરલાલ ઘણા વિષય વિચાર કરવા લાગ્યો. તે વેળાએ તેનો શાળો બલદેવ સ્મોકિંગ રૂમમાંથી ચીરૂટ સળગાવીને સુંદર-

લાલના રૂઢ વ્યવહારથી જખમી થઇને પોતાનું સન્માન હાનિજનિત મનોવેદના ઓછી કરતો હતો.

ધીરે ધીરે મુંબઇનો કાંઠો દેખાતો બંધ પડયો. સ્ટીમર ધુવાડો કાઢતી જવા લાગી.

૨

ઇંગ્લંડમાં પહોંચીને નવા દેશમાં નવો સુધારો, નવી સમાજ તથા નવા સોબતીઓમાં બે જુવાનિયાના દહાડા જાણે અનુકૂલ પવનમાં શઢવાળા મછવાની પેઠે જવા લાગ્યા. તે છેટેના પ્રવાસમાં બળદેવે ખરાબ જીવન ગાળ્યું નહોતું એવું અમે કહી શકતા નથી. સુંદરલાલે ઘણો યત્ન કર્યો તે છતાં તેને ખરાબ માર્ગથી ફેરવી શકયો નહિ. સુંદરલાલ તેને માટે ચિંતાતુર થતો હતો; પરંતુ દૂર ઘરમાં તેના મા બાપને ચિંતાતુર કરવાની તે ઇચ્છા રાખતો નહોતો, તેથી તેને એ વિશે કંઇ લખ્યું નહિ.

એક એક દહાડો સુંદરલાલ વધારે ઠપકો આપ્યાથી બળદેવ કહેતો હતો, તારામાં અને મારામાં ઘણો તફાવત છે. તારી સ્ત્રી છોકરાની તરફ ફરજ છે, તેને બધાનો વિચાર કરીને કામ કરવું જોઇએ. મારે તેમાંનું કંઇ નથી. મારે માટે જરા આનંદ મેળવવાનો યત્ન કરવો એ ગેરવાજબી નથી.

સુંદરલાલે કહ્યું, " સ્ત્રી પુત્રની તરફ તને કંઈ ફરજ નથી એ ખરૂં છે; પરંતુ તારા પોતાના સંબંધમાં શું તારી કંઇ ફરજ નથી."

બળદેવ હસીને કહેતો હતો, "બધી વસ્તુની બે બાજું છે. જુવાનની પણ બે બાજુઓ છે ગંભીર બાજુ તારા જેવા ફીલાસફરના હાથમાં સોંપીને અમે નિશ્ચિતથી બીજી બાજુ લઇને આતુર થઇ રહેલા છીએ."

ચીરૂટ મોંમાં લઇને બળદેવ ફરવા નીકલ્યો. દુઃખીત અંતઃકરણથી સુંદરલાલે અભ્યાસ કરવા ઉપર ધ્યાન લગાડયું.

એક એક દહાડો બળદેવ સુંદરલાલને પોતાના ટોળામાં ખેંચવાનો યત્ન કરતો હતો. ફતેમંદ નહિ થવાથી તે ઠઠાગરકેરી કરીને બોલતો હાતો, "લગ્ન કરેલા કંઈક ઓરજાતના હોય છે."

જોત જોતામાં બે વર્ષ ચાલ્યાં ગયાં. ત્રીજુ વર્ષ પણ પૂરૂ થવા આ-

ર્યું. આખરે પરીક્ષાની વખતે સુંદરલાલ માંદો પડયો. બળદેવ પરીક્ષામાં પાસ થયો.

જે દહાડે બળદેવ દેશમાં જવા માટે નીકળ્યો, તે દહાડે સુંદરલાલ તેના ખાલી ઓરડામાં એકલો બેસીને ઘણો વખત સુધી રોયો. નસીબની કેવી અપૂર્વ મશ્કરી જે પોતાના દેશમાં પાછો જવા માટે ઘણો આતુર થયો હતો, તેને હવે પરદેશમાં પડી રહેવું પડયું ! હમણાં તેના મંદવાડમાં સેવા ચાકરી કરનાર કોઇ નહોતું, શોકમાં દીલાસો આપનાર કોઇ નથી. મરવાના બિછાનાપર તરસ્યો થયાથી મોંમાં એક ટીપું પાણી મૂકનાર કોઈ નથી. આટલે દહાડે શિવલાલ કેટલો મોટો થયો હશે, પાર્વતીનો કેટલો ફેરફાર થયો હશે ! તેઓને જેવા રાખી આવ્યો હતો તેવા જઇને તેઓને જોવા પામીશ નહિ. આવવાની વખતે પાર્વતીનાં આંસુથી ભરાયલો ચહેરો તેને યાદ આવવા લાગ્યો. તેથી સુંદરલાલ રોવા વિના રહી શકયો નહિ.

૩

રસ્તામાં બીજું કંઇ કામ નહોતું તેથી બળદેવ વખતો વખત પોતાના વિશે વિચાર કરતો હતો. જરા વિચાર કરીને બળદેવે જાણ્યું કે પ-પરદેશમાં તેને જે રૂપીઆ નકામા ઉડાવી દીધા છે, તેનો હિસાબ દેશમાં જઇને બાપને આપવો પડશે. તેણે એ પણ જાણ્યું કે દેશમાં પાછો આવીને ભાગ્ય લક્ષ્મી જ્યાં સુધી સુપ્રસન્ન નહિ થાય, ત્યાં સુધી પિતાનું ધન વાપરવું પડશે; તેથી પિતાનો વહાલો થવાની જરૂર છે. એડન છોડતાંજ 'બેટી નેસિ' વગેરેના પ્રેમ પત્રો સાગરના પાણીમાં નાંખ્યા, મુંબઇ દેખાવવા માંડયું, ત્યારે હેટ કોટ કાઢીને ધોતિયું પહેર્યું. મુંબઇમાં પહોંચતાંજ બાપને પગે પડયો, ત્યારે બધાએ કહ્યું કે વિલાયતથી પાછા આવનારા છોકરાઓનો આવો વ્યવહાર પહેલા કદી પણ અમે જોયો નથી. મા બાપની પાસે બળદેવ દૈત્યકુલમાં પ્રહ્‌લાદના જેવો જણાવવા લાગ્યો.

બાપે સુંદરલાલના વિશે પૂછ્યું, બળદેવ બનાવટી દુઃખ દેખાડીને બોલ્યો, "તેની વાત હવે પૂછશો ના, ખરાબ સોબતીનાં ટોળામાં પડીને તે એ-

કીનારે ખરાબ થઈ ગયોછે. મેં ઘણો ઘણો યત્ન કર્યો તે છતાં તેને સારે રસ્તે લાવી શકયો નહિ. મને આટલો વધારે ખર્ચ થયો હતો તે કેવળ તેનેજ માટે. તે એક વિપદમાં પડયાંથી તે વેળાએ હું ગુસ્સામાં રહી શકતો નહોતો; ગમે તે રીતે તેને વિપત્તિમાંથી છોડાવવાની તજવીજ કરતો હતો."

બહેન પાર્વતી ત્યાં ઉભી હતી તેની તરફ જોઇને બળદેવે કહ્યું, "પાર્વતી નસીબમાં શું છે તે કહી શકતો નથી. ઘણું સમજાવ્યું તે છતાં સુંદરલાલને પાછો લાવી શકયો નહિ. કદાચ સાથે દેશમાં જવું પડે તે ડરથી આ વખતે તેણે પરીક્ષા આપી નહિ."

આવો વિનયી દીકરો કોઇ પણ કારણથી ખોટું કહી શકે એ મા બાપે ધાર્યું નહિ. તેથી પોતાના પુત્રની વાતપર વિશ્વાસ રાખ્યો.

પાર્વતીની આંખમાં ઝળઝળિયાં આવ્યાં. તેણે પોતાના ઓરડામાં જઇને બારણું બંધ કર્યું. પુત્ર શિવલાલ તે વેળાએ જમીન ઉપર બેસીને એક લાકડાનો ઘોડો લઇને રમતો હતો. દુઃખિત માએ તેને છાતીપર લઇને આતુરતાથી તેનું મુખ ચુંબન કર્યું. ત્યાર પછી તે બિછાનાપર પડીને ઓસીકામાં મોં છુપાવીને રોવા લાગી. માનો આવો ભાવ જોઇને છોકરો રમવું છોડીને તેની તરફ જોવા લાગ્યો.

થોડો વખત રોયા પછી પાર્વતી ઉઠીને પેટી ઉઘાડીને સ્વામીના કાગળો બહાર કાઢયા. તે એકના પછી એક કાગળો વાંચવા લાગી; હવે તેની આંખમાંથી ટપ ટપ પડતાં કાગળના ઉપર આંખના પાણી પડવા લાગ્યાં. તે વિચાર કરવા લાગી, આ શું બધું ખોટું છે? પ્રેમ નહિ હોય તો શું કોઈ આવી રીતે લખી શકે? તેણે વળી વિચાર કર્યો, શામાટે ભાઇ ખોટું બોલે?

પાર્વતી વિચાર કરતાં કંઇપણ નક્કી કરી શકી નહિ. તેણે આટલા દિવસથી જેને હૃદયસિંહાસનપર બેસાડીને પૂજા કરી છે, આજે એકદમ તેને વેદીમાંથી ખસાડી શકી નહિ. કેવળ ધિક્કારથી, અભિમાનથી, દુઃખથી તે કોમળ હૃદય ચંચળ થઇ પડયું.

સુંદરલાલે નિશ્ચય કર્યો હતો કે આ વખતે મંદવાડ હોય તોપણ પ-

રીક્ષામાં બેસવું. તે પરીક્ષાની તૈયારી કરવામાં ઘણો ગુંતાયલો હતો. વખતો વખત તે ઘરમાં નિયમિત પણ કાગળ લખવાનો વખત મેળવી શકતો નહોતો. સુંદરલાલના કાગળો આવવામાં વિલંબ થયાથી પાર્વતીના હૃદયમાં સંદેહાગ્નિ સળગવા લાગી. વેદનાથી અભિમાનથી તેનું હૃદય વ્યાકુલ થયું. જ્યાં આત્મસમર્પણ જેટલું સંપૂર્ણ થાય છે, ત્યાં સામાન્ય કારણથી વેદના પણ તેટલી વધે છે અને ત્યાં સામાન્ય કારણથી અભિમાન પણ તેટલો વધે છે.

બીજે વર્ષે યથાસમયે પરીક્ષા આપીને પહેલે નંબરે આવ્યો. સુંદરલાલ દેશમાં પાછો ફર્યો. પરંતુ તે ઘરમાં પાછો આવ્યાથી જે આનંદોત્સવ જોવા પામીશ એવી આશા કરી હતી, આવીને તેમાંનું કંઇ જોવા પામ્યો નહિ. બળદેવની વાત સાંભળીને તેનો પિતા તેના ઉપર ગુસ્સે થયો હતો. તેના શિવાય તેને માટે તે બીજા પુત્રોની પાસે અપરાધી હતો. તેને માટે વધારે ખર્ચ થાય છે તેથી સુંદરલાલના ભાઇઓ પહેલાથી અસંતોષ પ્રકાશ કરતા હતા. બળદેવની પાસેથી તેના વિશે સાંભળ્યા પછી તેઓનો અસંતોષ ધીરે ધીરે વધ્યો હતો.

સુંદરલાલને પોતાના બાપની તરફથી અથવા ભાઇઓની તરફથી મળવાનું માન મળ્યું નહિ. ત્યારે તેણે ધાર્યું, બીજું ગમે તે થાઓ, પોતાને મેળવીને પાર્વતીના આનંદની હદ રહેશે નહિ. પરંતુ હાય, માણસની બધી આશા પૂર્ણ થતી નથી. મળવાની વખતે પાર્વતી જો સારી છે એ પૂછવાના જવાબમાં સારી છું એ શિવાય બીજો બોલ શોધવા છતાં મળ્યો નહિ. સુંદરલાલ આશામાં નિરાશ થયો. શા અભિમાનથી તેની પ્રેમમયી સ્ત્રી તેની જોડે આ ચાર વર્ષના સુખ દુઃખની વાત કહેવાનો લોભ રોકવા પામી, શા દુઃખથી તે તેની જોડે વાતચિત્ત કરવાને તથા પ્રેમના ઉભરા દેખાડવાની પ્રબળ વાસના મનમાં દબાવી શકી, શી વેદનાથી પેલા સ્પર્શ કરવાને લલચાતાં હોઠને રોકયા હશે તે સુંદરલાલ સમજી શકયો નહિ, તેથી સ્ત્રીના વ્યવહારથી તે બહુ દુઃખિત થયો.

એને બીજે દહાડે સુંદરલાલનો એક મિત્ર તેને મળવા આવ્યો. વાતના પ્રસંગમાં તેણે કહ્યું, " લંડનમાં સર્વ કરતાં શું સુંદર જોયું. ? " સું-

દરલાલે જવાબ આપ્યો, " લંડનમાં બધા કરતાં સુંદર-રસ્તાની શોભા-સોનેરી વાળ વાળી, લાલ આંખની સ્ત્રીઓ, બીજું ઘરની શોભા-બુદ્ધિમતી, સુશિક્ષિત સ્ત્રીઓ. "

પાર્વતી પાસેના ઓરડામાં હતી. સુંદરલાલની વાત સાંભળીને તેનાથી આંસુ રોકાયા નહિ. તેણે મનમાં ને મનમાં ધાર્યું કે, જેઓ અંગ્રેજ સ્ત્રીના જેવી નથી, તેનો જન્મ શા માટે થયો ?

કેટલાક દિવસ સુંદરલાલે સ્ત્રીની જોડે વાતચિત કરવાની બહુ કોશેસ કરી, પણ પાર્વતીની અટલ ગંભીરતા કોઇ રીતે દૂર થઈ નહિ. પાર્વતી કારણ કહી શકી નહિ, કહેવાનું કરતી હતી પણ દુઃખથી અભિમાનથી તેનું ગળું બંધ થતું હતું.

સુંદરલાલે વિચાર કર્યો કે મારા બીજાં સગાં વહાલાંની પેઠે મારી સ્ત્રી પણ મારાપર નારાજ છે, તે છતાં નારાજ થવાનું કંઇ કારણ શોધતાં ગળ્યું નહિ. સુંદરલાલની હૃદયવેદના ગુસ્સામાં આવી.

આખરે એક દહાડો સુંદરલાલે પોતાની સ્ત્રીને કહ્યું, " હું આવ્યોછું. ત્યારથી જોઉછું તેનાપરથી જણાય છે કે મારી જોડે એકત્ર રહેવું એ તારે દુઃખકારક થઈ પડયું છે. હું તારી પાસેથી આવા વ્યવહારની કદી પણ આશા રાખી નહોતી. જો મારા ઉપર તારો પ્રેમ નહિ હોય, તો મારી જોડે એકત્ર રહેવું ઘણું દુઃખકારક છે. ખરૂં જો તેમજ હોયતો તું તારા બાપને ઘેર જઇને રહે, હું પણ બીજી જગાએ જઇને રહું. જ્યારે તને પૈસાની ગરજ હોય ત્યારે મને લખી જણાવીશ તો હું મોકલીશ."

તે સાંભળીને પાર્વતીએ વિચાર કર્યો, તમે દોષ કર્યો છે, તમે જ વળી મને તિરસ્કાર કરો છો ? હું શું એવી છું ? ઉછળતા અભિમાનથી તે બોલી, " ત્યારે તેમજ થાય તો સારૂં. "

સ્ત્રીના બોલ સાંભળીને સુંદરલાલના ગુસ્સાની હદ રહી નહિ. શી વેદનાથી, કેવા દુઃખથી તેની સ્ત્રીએ આ બોલ કહ્યા, ઘરના કામથી શી ચાલથી તેના મોંએથી આવા કઠોર વેણ નીકળ્યા, તે સુંદરલાલને સમજવાનો અવકાશ મળ્યો નહિ.

બીજે દહાડે એક ઘર ભાડે લઇને સુંદરલાલ સામાન લઇને ત્યાં ગયો. જવાની વખતે પોતાના છોકરા શિવલાલે કહ્યું, "બાપા! મને સાથે લઈ જાઓ." સુંદરલાલ છોકરાને લઇને બકી લીધી. ત્યારપછી તેને નીચે મૂકીને ઝડપથી ગાડીમાં બેસીને ગાડી ચલાવવાને કહ્યું;—કદાચ કોઈ તેની આંખમાં આંસુ જુએ. આ અનાદરમાં તેના છોકરાએ કેવળ તેનો બધો આદર લીધો હતો. કેવા સ્વભાવિક ખેંચાણથી જે બાળક પિતાના તરફ ખેંચાયો હતો, તે કહેવું અસંભવ છે; પરંતુ પિતાને મેળવીને છોકરાને આનંદનો પાર રહેતો નહોતો. તે પોતાના બરાબરીઓની જોડે રમવાની લાલચથી પણ પિતાની પાસેથી જવા ચહાતો નહોતો.

સુંદરલાલ ગયો, પાર્વતી પોતાના ઓરડામાં જઈને જમીન ઉપર પછડાઇને રોવા લાગી. ત્યાર પછી ઉઠીને બેસીને વિચાર કરવા લાગી. "મારો દોષ શો?"

સુંદરલાલે એક ઘરના બે ઓરડાઓ ભાડે લીધા હતા; તેમાં તેનું ઉંઘવાનું, બેસવાનું, ખાવાનું બધું થતું હતું. ઘરનો બીજો ભાગ બીજા એક લંડનથી આવેલા માણસને કબજે હતો. પહેલા કેટલાક દહાડા પૈસાના કષ્ટથી સુંદરલાલ સંકટમાં પડયો હતો, પરંતુ સારા ભાગ્યથી થોડા દિવસમાં તેને થોડી થોડી પેદાસ થવા લાગી; સુંદરલાલે પ્રતિજ્ઞા કરી હતી કે હું મોટો માણસ થઇશ, જેનાથી શિવલાલ મારો પુત્ર થઇને અભિમાન કરી શકે એવો કંઈ થઈશ. તે સમજ્યો હતો કે મારા જેવા ગરીબને માટે યશ મેળવવાનું પહેલું પગથિયું પોતાના ધંધામાં ફતેહમંદી મળવાપર છે. એ માટે તે પોતાના ધંધામાં ઉન્નતિ મેળવવા માટે પ્રાણ લોડથી યત્ન કરવા લાગ્યો.

સુંદરલાલે બંદોબસ્ત કરી રાખ્યો હતો કે શિવલાલ અઠવાડિયામાં એક દહાડો તેની પાસે જાય. રવિવારે શિવલાલ બાપની પાસે જતો હતો. તે દહાડે ઘરને સારી પેઠે ગોઠવતો હતો સાફસુફ કરાવતો હતો કે કોઈ જાણે પ્રતિષ્ટિત મનુષ્ય તેને મળવા આવવાનો હોય ને.

શિવલાલ આવ્યાથી સુંદરલાલના આનંદનો પાર રહેતો નહોતો. બીજા

સગાંવહાલાંની તરફ તેનો સ્નેહ જેટલો ઓછો થયો હતો, તેટલો આ છોકરા ઉપર તેની મમતા વધી હતી. આ છોકરો તેનો બધો સ્નેહ અધિકાર કરી બેઠો હતો.

૬

સુંદરલાલને વધારે દહાડા ગરીબાઈનું દુઃખ ભોગવવું પડયું નહિ. તેના એક કાકાએ રાજકોટમાં વકીલાતનો ધંધો કરીને ઘણો પૈસો એકઠો કર્યો હતો. તેને કંઇ છોકરૂં નહોતું. ભાઇના છોકરાઓમાં સુંદરલાલના જ્ઞાનની તરસ ઘણી પ્રબળ જોઇને તે તેના ઉપર ઘણી માયા રાખતો હતો; તેનું મૃત્યુ થયું. મૃત્યુની વખતે તેણે પોતાની બધી દોલતનો વારસો સુંદરલાલને ઠરાવ્યો. ગરીબાઇમાંથી સુંદરલાલ એકદમ ધનવાન થયો.

સુંદરલાલે જોયું કે હવે પેટને માટે પરિશ્રમ કરવો પડશે નહિ. તેણે વિચાર કર્યો કે, એક કોઇ મોટા કામને માટે તે ધંધાની ગુલામગીરીથી છુટવા પામ્યો.

સુંદરલાલ એક બગીચાની સાથે એક નાનો બંગલો તથા ઘણી જાતના પુસ્તકો વેચાતાં લીધાં. પરંતુ પોતાના નવા મકાનમાં જઇને સુંદરલાલે જોયું કે સંસારની જવાલા ઘણી જાતની છે, સંસારનો ખર્ચ પત્ર તપાસવાથી લઇને બગીચાના માળીનું કામ તપાસવા સુધીનાં ઘણાંક નાનાં કામો છે. જે કર્યાથી કંટાળો ઉત્પન્ન થાય છે, પરંતુ નહિ કર્યાથી ચાલે એમ નથી. એ બધાં કામને માટે તેણે પોતાના એક ભતરીજાને પોતાની પાસે રાખ્યો. તે સંસારનાં બધાં કામ જોતો હતો; સુંદરલાલ પોતાના અભ્યાસપર તથા વિચારમાં લાગ્યો રહેતો હતો. થોડા દિવસમાં સુંદરલાલના ઘરનો સ્વામી થવા છતાં સર્વ રીતે ભતરીજા કરસનદાસને તાબે થઈ પડયો. હવે કરસનદાસ ઘરનું કામકાજ કરવાવાળો થઇને ઘરનો માલેક હોય તે પ્રમાણે થયો. સુંદરલાલનાં બધાં કામમાં પોતાનો હુકમ ચલાવતો હતો, અને સુંદરલાલ પણ તેનો હુકમ પાલન કરતો હતો. કરસનદાસે તેને નિર્વિઘ્નથી અધ્યયન તથા વિચાર કરવાને ઘણો વખત આપ્યો હતો, સુંદરલાલ તે ઘણું સમજતો હતો.

જે દહાડે શિવલાલ તેના ઘરમાં આવતો હતો, તે દહાડે કેવળ સુંદ-

રલાલ પોતાનું વિષાદવાળું ગાંભીર્ય છોડતો હતો. તે દહાડે જાણે તેના હૃદયમાં નવો ઉત્સાહ ઉઠયો હોયને એવું જણાતું હતું. તે દહાડે છોકરાની જોડે મળીને તે પાછો જાણે બાળક થતો હોયને. બાપ છોકરામાં ઘણી વાતો, ઘણી રમતગમત થતી હતી. રાતે શિવલાલ પોતાની માની પાસે પાછો જતો હતો. શણગારેલા ઓરડાની જુદી જુદી વસ્તુમાંથી શિવલાલ જે દહાડે જે કંઈ માંગતો તે મેળવતો હતો. એક દહાડે સુંદરલાલ પોતાના છોકરાને અગાસી ઉપર લઇ ગયો. ત્યાં છોકરાએ આસપાસના બંગલામાં સફેદ કબૂતર દીઠાં તેથી બાપને પૂછયું, "એ પેલા કબૂતર કોના ઘરના છે વારૂ. મારે માટે કેટલાક કબૂતરો વેચાતા લેશો બાપા!" સુંદરલાલે કહ્યું, "કાલે આવીને જોજે, તારે માટે હું સારા કબૂતર વેચાતા લઇ રાખીશ. વેલો આવીને કબૂતરની જોડે તું રમજે."

બીજે દહાડે સુંદરલાલ પોતે કબૂતર વેચનારની દુકાને જઇને કેટલાક પસંદ પડતાં સુંદર કબૂતર વેચાતા લીધા. શિવલાલને માટે કોઈ પણ વસ્તુ બીજાના દ્વારા વેચાતી મંગાવવાની તેની ઇચ્છા થતી નહોતી.

રવિવારે શિવલાલ આવતાં જ પૂછયું, "બાપા, મારા, કબૂતર ક્યાંછે?" સુંદરલાલે કહ્યું, "ભાઈ, હું તે લાવ્યો છું. ચાલ દેખાડું." બાપ બેટા. સાથે ઘરની બહારની ઓરડીમાં ગયા અને ત્યાં કબૂતરો જોઇને શિવલાલ ઘણો જ ખુશી થયો.

કબૂતરની ઓરડીમાંથી નીકળવાની વખતે શિવલાલે જોયું કે બંગલાની પાસેના રસ્તા ઉપરૈ એક અંગ્રેજનો છોકરો ઘોડા ઉપર ચઢીને જાય છે. તે જોઇને શિવલાલે કહ્યું, "મને આવી રીતે ઘોડાપર ચહડવાની ઇચ્છા થાય છે," સુંદરલાલે કહ્યું, "હું તારે માટે એક સારો મજેહનો ઘોડો વેચાતો લાવીશ. તું જ્યારે આવશે ત્યારે તેના ઉપર ચઢજે." શિવલાલના મોંપર હસવું ખીલ્યું. તેના ચહેરા ઉપર હસવું જોવા માટે સુંદરલાલ પોતાનું સર્વસ્વ આપી શકતો હતો.

બીજે દહાડે સુંદરલાલે છોકરાને માટે એક ટટ્ટુ ખરીદ્યો. પરંતુ તે દહાડે તેને તાવ ભરાયો. બે દહાડા પછી ન્યુમોનિયા જણાયો. ન્યુમોનિયા-

વાળા માંદા માણુસની પાસે નાની ઉમ્મરના માણુસો આવવા નહિ જોઇએ. તે જાણીને ઘણી અનિચ્છા છતાં શુક્રવારે તેણે કરશનદાસને કહ્યું, "આજે તું મારા સસરાને ત્યાં જઈને કહી આવ કે રવિવારે શિવલાલ અહિં આવે નહિ. હું માંદો છું."

૭

જ્યારે કરસનદાસ સુંદરલાલના સસરાને ઘેર પહોંચ્યો, ત્યારે ઓટલા ઉપર શિવલાલ કેટલાંક છોકરાંની જોડે રમતો હતો. કરશનદાસને જોઇને દોડતો આવીને તેણે પૂછયું, "મારો ઘોડો શું લાવ્યા છે ?" કરશનદાસે કહ્યું, "હા લાવ્યા છે, પણ તું આ વખતે ઘેર આવી શકીશ નહિ." આતુરતાથી છોકરાએ પૂછયું, "શામાટે નહિ," કરશનદાસે કહ્યું, "સુંદરલાલને તાવ આવ્યો છે." છોકરાનો ચહેરો ગંભીર થયો. તે બોલ્યો, "હુ બાપાને જોવા આવીશ."

સુંદરલાલનો સસરો જે ઓરડામાં બેસીને કામ કરતો હતો, કરશનદાસ તે ઓરડામાં આવ્યો. તેની જોડે શિવલાલ પણ આવ્યો. કરશનદાસે સુંદરલાલના સસરાને બધી વાત કહી. જવાની વખતે તેણે કહ્યું કે કાલે ખબર મોકલાવજે. કરસનદાસ ગયો. છોકરાએ કોઇ પણુ રીતે તેને છોડવા ચાહ્યું નહિ. તે તેની જોડે જવાની જીદ લઇ બેઠો. આખરે કરશનદાસે કહ્યું કે આજે તારો આવવાનો દિવસ નથી. હું કાલે પાછો આવીશ, ત્યારે જે કરવાનું હશે તે કરીશ !

બાળકે કરશનદાસને છોડયો. તે દહાડે તે રમવા ગયો નહિ.

બીજે દહાડે સવારમાં સુંદરલાલના સમાચાર આપવા આવીને કરશનદાસે જોયું કે તેની રાહ જોતો દરવાજાપર ઉભો છે. છોકરાનો ચહેરો ગંભીર તથા દિલગીર ભરેલો જોઇને તે દોડતો રસ્તામાં ગયોને પૂછયું, "બાપાને કેમ છે ?" કંઈ પણુ જવાબ નહિ આપતાં કરશનદાસ સુંદરલાલના સસરાની પાસે ગયો. શિવલાલ પણુ તેની જોડે ગયો.

સુંદરલાલના સસરાએ પૂછયાથી કરશનદાસે કહ્યું, "ડાકટરે કહ્યું છે કે રોગીની ઘણી જ ખરાબ હાલત છે."

બાળક કરશનદાસને કહેવા લાગ્યો, "મને બાપા પાસે લઇ જા." તેને ધરીને ઉભો, અને રોવા લાગ્યો.

છોડવાનો બીજો ઉપાય નહિ જોતાં કરશનદાસ બોલ્યો, "તારી માને કહી આવ." તેણે ધાર્યું હતું કે મા છોકરાને સમજાવીને રાખશે.

શિવલાલ દોડતો માની પાસે ગયો, તેણે કાશીને કહ્યું, "મા, હું બાપાને જોવા જાઉં છું." કાશી બોલી, "આજ નહિ!"

બાળક માની પાસેથી ખસી ગયો. અભિમાનથી તથા વેદનાથી તેનું ગળું બંધ થઇ આવતું હતું. તેની આંખમાંથી આંસુઓ નીકળતાં હતાં. તે બોલ્યો, "હું હવે કદી પણ તારી પાસે આવીશ નહિ, કદી પણ તને મા કહીને બોલાવીશ નહિ, તું જેટલી મને ચાહે છે, હું બાપાને તારા કરતાં ઘણું વધારે ચાહુંછું. બાપાના મરવાની વખતે તું મને એકવાર તેને જોવા દઇશ નહિ તો કદાચ મારા મરવાની વખતે તું મને એકવાર જોવા પણ આવીશ નહિ."

જેમ પાણીના ઝરો પહાડ પરથી ઉછળતો પડે છે, તેમ પુત્રના આબોલથી કાશીની રોકાયલી વેદના ઉછળી પડી. તેણે વિચાર કર્યો, તેમને જોવા માટે આ છોકરો કેટલો આતુર થયો છે. વળી હું રાક્ષસી તેમના માંદા પડવાનાં સમાચાર સાંભળ્યા છતાં અભિમાન છોડીને તેમને જોવા જવા ઇચ્છતી નથી. કાશી હવે આંસુ રોકી શકી નહિ. તે આંસુના પાણીમાં સ્વામીના ઉપર તેનો બધો અભિમાન, બધો ગુસ્સો ધોવાઇ ગયો. રોતી રોતી કાશી છોકરાને કહેવા લાગી, "ચાલ, હું પણ તારી જોડે આવું છું."

શિવલાલ દોડતો કરશનદાસની પાસે ગયો. તે બોલ્યો, "ચાલ, મા પણ આવે છે."

સુંદરલાલનો સસરો આવીને કરશનદાસને કહેવા લાગ્યો, "કાશી પણ આવવા ઇચ્છે છે."

કાશી તથા શિવલાલ સુંદરલાલને જોવા આવશે તેથી નહિ ધારેલા બનાવથી માંદાની ખરાબી થાય તે ડરથી કરશનદાસ ડાકટરની સલાહ લેવા ગયો. શિવલાલ તેની જોડે ગયો, કદાચ કરશનદાસ નાશી જાય એ ડરથી તેની સાથે ગયો હતો.

બધી વાત સાંભળીને ડાકટરે કહ્યું, "નહિ ધારેલું ઘણું દુઃખ જેવું નુકશાન કરે છે તેવું નહિ ધારેલો ઘણો આનંદ નુકશાન કરતો નથી, ઉલટું તેથી વખતો વખત સારૂં થાય છે, ગમે તેમ હો, પહેલાથી તું રોગીને આ વાત જણાવ, ત્યાર પછી તેમના વહાલાઓની જોડે મેળવજે. કારણ કે સાવચેત કર્યાથી વિનાશ નથી. તેમ કર્યાથી ડર રાખવાનું કંઇ કારણ રહેશે નહિ."

કરશનદાસ સુંદરલાલના સસરાના ઘરમાં પાછો આવ્યો. પુત્રને લઇને રોતી રોતી લગભગ એક વર્ષે કાશી સ્વામીને જોવા નીકળી.

૮

કાશી તથા શીવલાલને એક ઓરડામાં બેસાડીને કરશનદાસ ભાઇની પાસે આવીને બેઠો. તેને જોઇને સુંદરરલાલે આગ્રહથી પૂછ્યું, "મારા મંદવાડના સમાચાર સાંભળીને શિવલાલે શું કહ્યું?"

કરશનદાસ બોલ્યો, "તે તમારી પાસે આવવાને ઘણી આતુરતા જણાવવા લાગ્યો."

સુંદરલાલની આંખ આંસુથી ભરાઇ આવી. તે બોલ્યો, "ડાકટરે શું કહ્યું છે, એક વાર મારી પાસે આવ્યાથી તેને તો નુકશાનની થશે નહિ ને? હું શું મરવાની પહેલા તેને એકવાર જોઇ શકીશ નહિ? તેના શિવાય આ દુનિયામાં બીજો કોઇ ચહાતો નથી. તેના શિવાય જગતમાં મારૂં બીજું કોણ છે? તેને છેટે રાખીને દેખાડજે, હું તેને જોઇને ખુશી થઇશ. પરંતુ મરવાની પહેલાં એકવાર તેને દેખાડજે."

કરશનદાસે કહ્યું, "તમે મરવાની વાત શામાટે કરો છો? તમને શું થયું છે?"

તે બોલ કાનપર નહિ ધરતાં સુંદરલાલ બોલ્યો, "મારી પેટીમાં મારૂં વિલ છે. મારૂં બધું મેં શિવલાલને આપ્યું છે, તેની કેળવણી સારી થાય તનો બંદોબસ્ત કરજે. તે મોટો થાય એટલે આ ઘરમાં આવીને રહે. આ ખાલી ઘરમાં હું મારૂં વેદનાવાળુ જીવતર ગાળુંછું. શિવલાલ આવીને મારા આ ઘરમાં રહેશે. આ ખાલી ઘરમાં તેના પુત્ર કન્યા હસવાથી ગોધાટ મચાવશે, એ જ મારા જીવનનું એક સ્વપ્નુ હતું. જીવનમાં ઘણાંક સુખનાં સ્વ-

ખ્નાંમાં રચ્યાં હતાં, એક પણ સફળ થયા નહિ, જણાય છે કે આ સુખ સ્વપ્નુ પણ સફળ જોવા પામીશ નહિ ?"

કરશનદાસે વળી કહ્યું, "શામાટે મરવાની વાત કરો છો?"

સુંદરલાલે કંઇ પણ જવાબ દીધો નહિ.

કરશનદાસે કહ્યું, "સુંદરલાલ, તમારી સ્ત્રી જો તમને એકવાર જોવા ચાહે તો શું તેમને અહિં લાવું ?"

સુંદરલાલ દુઃખનું મ્લાન હસવું હસ્યો. તે બોલ્યો, "તું ગાંડો થયો છો ! તે જીવતા મને જોવા ઇચ્છતી નથી; હવે આજે શું તે જોવા આવશે? એકવાર આવે તો ઠીક. શામાટે તે મારેથી રૂસાઇ છે, તે સમજી શક્યો નહિ. જીવતાં પૂછ્યાથી તેનો જવાબ હું મેળવી શક્યો નથી. મરવાની પહેલા એકવાર પૂછી જોઉં. જાણ્યાથી હૃદયનો એક બોઝો ઉતરશે. ગમે તેમ હો શિવલાલના સંબંધમાં જે મેં કહ્યું છે, તે ભૂળતો ના."

આ વખતે ઓરડાના દરવાજા પરથી કોઈએ બુમ પાડી, "બાપા !" સુંદરલાલનો ફીકો ચહેરામાં આનંદથી લોહી ઉછળવા લાગ્યું. તે બોલ્યો, "શિવલાલ શું આવ્યો છે ?"

કરશનદાસે કહ્યું, "તમારી સ્ત્રી શિવલાલને લઇને આવી છે."

સુંદરલાલે લાંબો શ્વાસ ખેંચ્યો.

"તમારી સ્ત્રી એકવાર તમારી પાસે આવે" આવું કહીને કરશનદાસ ઉઠયો.

૯

ધીરે ધીરે આવીને કાશી સ્વામીની પાસે બેઠી.

સુંદરલાલે કહ્યું, "આજ મારા મરવાની વખતે તું જે અનાદર, ઉપેક્ષા, અને ગુસ્સો છોડીને એકવાર મને જોવા આવી છે, તેમાં મારૂં સૌભાગ્ય છે. હું મર્યાથી શિવલાલનો બધો બોઝો તારી ઉપર છે, તને તેના બાપમાના બેઉ કામ કરવા પડશે."

સુંદરલાલે સાંભળ્યું, પોતાની પાસે બેસીને હાંફતી હાંફતી રૂવે છે. તે બોલ્યો, "એકવાર જરા ખસીને મારી પાસ બેસ. ઘણા દિવસથી તને મેં જોઇ નથી; હવે કદાચ હું તને જોઈશ નહિ."

કાશી આવીને ધણી પાસે બેઠી. તેના આંસુએ હવે કહ્યું માન્યું નહિ; તે ગાલ ઉપર વહેવા લાગ્યાં.

સુંદરલાલે કહ્યું, "શામાટે તે મારી જોડે આવી ચાલ ચલાવી, પૂછ્યા છતાં તેનું કારણુ જાણી શક્યો નહિ. જો કદી કંઇ પણુ દોષ કર્યા હોય તો તેને માટે હું ક્ષમા ચાહુંછું. માફ કરજે."

કાશી હવે રહી શકી નહિ. રોતી રોતી બોલી, "મેં જે અપરાધ કર્યો છે, તમે મને ભૂલ્યા છો, પરંતુ હું તો એક પળને માટે તમને ભૂલી નથી. તમે મારા સર્વસ્વ છો, હું શામાટે તમારા ઉપર ગુસ્સે થાઉં? તમે ગમે તે કરો, તમે મારા સ્વામી છો—આ લોક પરલોકમાં સર્વસ્વ છો. તુચ્છ અભિમાનમાં શામાટે આટલા દહાડા આવીને તમારા પગ ધરીને માફી માગી નહિ. હું અભિમાનથી આંધળી થઇને પ્રેમને તુચ્છકારવાનો યત્ન કર્યો છે. આજે મેં મારી ભૂલ જોઇ છે. મને માફ કરો."

કાશીનું બોલવું સુંદરલાલને ઉખાણા જેવું ભાસ્યું. તે બોલ્યો, "તું શું કહે છે તે હું સમજી શકતો નથી. હું ક્યારે તને ભૂલ્યો છું."

કાશી બોલી, "બાઇએ મને કહ્યું હતું કે લંડનમાં જઇને તમે મને ભૂલ્યા હતા. જો તમે બીજા કોઇને પણુ ચાહો તો તમે મારા સ્વામી છો, મેં શામાટે તમારા ઉપર ગુસ્સો કર્યો?"

સૂતેલો સિંહ જાણે એકદમ જાગીને ગર્જી ઉઠ્યો હોયને તેમ કાશીના બોલ સાંભળીને મંદવાડના બિછાનામાં સૂતેલો સુંદરલાલ ચંચલ થઇને ઉઠ્યો, ઉત્તેજિત સ્વરથી તે બોલ્યો, "બળદેવે આ વાત કહી છે? જેને માટે તે દૂરના પ્રવાશમાં મને શરમાવું પડ્યું છે, જે પૈસાથી મારો ખર્ચ ઓછા કરતો હતો, પાપના ખરાબ ખર્ચથી તેને બમણા પૈસા પણુ પૂરા પડતા નહોતા, જેના ગેરવાજબી પ્રેમની સાક્ષીના ઘણા કાગળો હજી પણુ મારી પાસે છે, તે મારા વિરૂદ્ધમાં આવું બોલ્યો છે? પોતાના દોષ કાઢવા માટે માણુસ બીજાના નામથી આવો અપવાદ પણુ આપી શકે છે? માણુસ આટલો નીચ થઈ શકે છે? વળી છેટે રહેવાથી ઘણા જ પોતાના વહાલા માણુસને આવા ભૂલવાળા સમજે છે!"

કાશીનો ચહેરો પ્રફુલ્લ થયો. જેમ તડકાથી કુહાસા દૂર થઇ જાય છે, તેમ આજ સ્વામી સ્ત્રીની કડાવાસ દૂર થઇ ગઇ. સુંદરલાલ સમજ્યો કાશીનો તેમાં દોષ નથી, દોષી બળદેવ છે. કાશી સમજી સુંદરલાલ દોષી નથી, દોષી બળદેવ છે.

ત્યાર પછી કાશીનો ચહેરો પાછો ગંભીર થયો.

પોતાના હાથમાં સ્ત્રીનો હાથ લઇને સુંદરલાલે પહેલાની પેઠે કહ્યું, " કાશી, શેનો વિચાર કરે છે ? "

આટલે દહાડે સ્વામીનો આદર, સ્વામીના સોહાગથી કાશીને ફરી આનંદનું રોવું આવ્યું. તે બોલી, " હું વિચાર કરતી હતી કે પહેલા તમને શામાટે આ વાત કહી નહિ ? શામાટે આ સંદેહ, આ અભિમાન, આ વેદના લઇને કષ્ટ પામતી હતી ? " આવું કહીને ઉછળતા હૃદયથી કાશીએ આવેગમય ચુંબનથી રોગની પથ્થારીમાં સૂતેલાં સુંદરલાલના ફીકા હોઠને પ્લાવિત કર્યા.

× × × ×

આ નહિ ધારેલો આનંદ સુંદરલાલને ઔષધ કરતાં ઘણો ગુણકારી થયો. સુંદરલાલ જલદીથી સાજો થયો, આ આનંદની સુખસ્મૃતિ તેના મંદવાડની પથારીના દુઃખની સ્મૃતિને પણ સુખમય કરી મૂકી.

બે ભાઇઓ.

૧

સાંકડી સેરીના રસ્તા ઉપર એક ઘર છે; તેને બીજે માળે એક નાના સરખા ઓરડામાં એક સ્ત્રી મરવાના બિછાનાપર સૂતી છે. વૃદ્ધાવસ્થાના કઠોર હાથના સ્પર્શથી હમણાં પણ સ્ત્રીના જુવાનીનાં ચહેરાની લાવણ્યતાની એક પણ રેખા જણાતી નહોતી. મંદવાડના દુઃખથી હમણા પણ તે ફીકો ચહેરો આખરનાં રૂપ ચિન્હ ભુસાડી શુક્યા નહોતાં. વીશ વર્ષનો છોકરો માધવલાલ બિછાનાની પાસે બેસીને માના ફીકા ચહેરાની સામુ જુએ છે.

અસ્ત પામતા સુર્યનાં લાલ કિરણો પશ્ચિમની ઉઘાડી બારીને રસ્તે પ્રવેશ કરીને બિછાનાના પગ તરફના ભાગમાં આવી પડયાં. એક નાનું પક્ષી એ બારીની પાસે બેસીને એકવાર મધુર અવાજે બોલ્યું ત્યાર પછી તે ઉડી ગયું, કદાચ તેણે ધાર્યું હશે કે, આ મૃત્યુના બિછાનાની પાસે મારૂં આનંદગીત શોભશે નહિ. મરવાની અણી ઉપર આવેલી માએ ધીરે ધીરે આંખ ઉઘાડીને દુર્બલ અવાજે કહ્યું, “ માધુ, એકવાર દામોદર અને કાશીને બોલાવ.”

માધવલાલે બેઉને બોલાવ્યાં, બોલાવતાં જ પાસેના ઓરડામાંથી એક ફીકા ચહેરાનો દશ વર્ષનો છોકરો અને એક સોન ચંપાના જેવી ગૌરરંગની પાંચ વર્ષની છોકરી તે ઓરડામાં આવી, જાણે રજની તથા ઉષા એકત્ર આવ્યાં હોયને, રોતાં રોતાં તેઓની આંખ સુજી ગઈ હતી. દામોદર સ્ત્રીનો પુત્ર હતો, કાશી તેના કોઇ સગાંની માબાપ વિનાની છોકરી હતી.

દુર્બલ હાથથી છોકરાનો તથા છોકરીનો હાથ ઝાલીને પોતાના મોટા છોકરાના હાથમાં આપ્યો. જુવાન છોકરાએ આટલીવાર સુધી આંસુ રોકી રાખ્યાં હતાં, આ વખતે તે રોઈ પડયો. પોતાના હાથમાં ગરમ આંસુનાં ટીપાંનો સ્પર્શ અનુભવી તે સ્ત્રી બોલી, “ભાઇ માધુ, તું આવો અધીરો થવાથી એઓને જાતે કોણ જોશે ? તારા બાપના મરવા પછી મેં તને મોટો કર્યો છે. સંસારનાં દુ:ખો એક દહાડો પણ તને જાણવા દીધાં નથી; તમે નાના છો, તમે કંઇપણ કષ્ટ ખમી શકશો નહિ. આજે તું મોટો થયો છે, આજે તેઓનો બોઝો તારા હાથમાં સોંપીને હું નિરાંતે મરૂંછું. હું તો સુખથીજ મરૂંછું ! માટે શા માટે બાઈ રૂવે છે ? તેઓનો બધો ભાર તારા ઉપર રહ્યો છે.”

માએ છોકરાને રોવાની મનાઇ કરી ખરી, પરંતુ આંસુના ઉછાળાથી તેનો દુર્બલ ઘાટો ભરાઇ આવ્યો.

તે દહાડે રાતે સ્ત્રીની દુર્બલ જ્યોતિ—જીવનદીવો ઓલવાઈ ગયો.

માધવલાલે વિચાર કર્યો કે જ્યારે માએ દામોદર અને કાશીનો બોઝો મારી ઉપર નાંખ્યો છે, ત્યારે મારેથી બનતી તજવીજે તેઓને સુખમાં રાખવાના યત્નમાં ઓછાપણું કરવું નહિ.

૨

જે દિવસે માધવલાલના હાથમાં દામોદર તથા કાશીનો ભાર સોંપીને સ્ત્રીએ જીવન ત્યાગ્યું તેને આજે દશવર્ષ થઇ ગયાં. અનંતકાલની તુલનામાં દશ વર્ષ સમુદ્રની રેતીનો એક કણુ માત્ર છે; પરંતુ આ દશ વર્ષમાં તે જુવાન તથા પેલા છોકરા છોકરીમાં કેટલો ફેરફાર થઇ ગયો છે. હમણું માધવલાલ જુવાનીની છેલ્લી સીમામાં આવી પહોંચ્યો છે, જાણુતા નથી કે કેવી છુપી વાસનાથી કેવી ભારે ચિંતાતુરથી, કેવા કઠોર મનના કષ્ટથી તેની ખીલતી જુવાનીની શોભાવાળો ચહેરો કવખતના વૃદ્ધાવસ્થાનાં ચિહ્ન દેખાતા હતા. જુવાનીનો ઉત્સાહ અથવા ઉદ્યમ, આતુરતા અથવા આવેગ કંઇ પણ તેનામાં નથી. જગતમાં કોણ પારકા હૃદયની છુપી વેદના જાણી શકે છે? દામોદર હવે કંઇ નાનો નથી. ઉમ્મરે પહોંચેલો જુવાન છે. કાશી પણ હમણાં હવે પેલી છોકરી નથી—યૌવનના ઇન્દ્ર જાળના હાથના સ્પર્શથી તેનાં દેહમાં મલય પવન સ્પર્શથી કાનનમાં ખીલેલા ફુલની શોભાના જેવું ઘણુંજ રૂપરાશિ ખીલી ઉઠયું છે. ચંચળતા હમણાં ગાંભીર્યમાં નિમગ્ન થયું છે. દામોદર હમણાં એક મોટી અંગ્રેજી પેઢીમાં ખજાનચી એટલે ક્યાશિયર થયો છે.

આજે વૈશાખની રાતે પોતાના ઓરડામાં બેસીને માધવલાલ શેનો વિચાર કરે છે. સામેના ટેબલ ઉપર કેટલાંક પુસ્તકો પડેલાં છે. એક મોટા લેંપ ઓરડામાં ઘણુંજ અજવાળુ ફેલાવે છે. રસ્તામાં કેટલાક જનારાના હસવાના અવાજ તથા કેટલીક ગાડીના જવાના અવાજ સંભળાય છે; પરંતુ તે બધા ઉપર માધવલાલનુ ચિત્ત નહોતું, તે એકાગ્રચિત્તથી કંઇક વિચાર કરે છે.

થોડીવાર વિચાર કર્યા પછી માધવલાલ પોતે પોતામાં કહેવા લાગ્યો, હવે શામાટે રાહ જોઉં! દામોદરનો બોજો માએ મારા ઉપર આપ્યો હતો. જ્યાં સુધી તે નાનો હતો, ત્યાં સુધી મેં મારા સુખની તરફ નજર નહિ રાખતાં તેને સુખ આપવાની તજવીજ કરી છે. આજે તે હવે નાનો છોકરો નથી. હમણાં તે મોટો થયો છે. જે એકઠું કરેલા ધનને માટે આટલા દહાડા સુધી આતુર હતો, તે હવે કારણુ રહ્યું નથી. ત્યારે હવે શામાટે હું મારું

પોતાના સુખને સારૂં બેપરવા રહું ? જગતમાં સુખ મેળવવાની તજવીજ બધા કરે છે, હું શામાટે કરૂં નહિ ? આજે દામોદરને આ વાત કહેવી જોઇએ.

માધવલાલ આવો વિચાર કરે છે એવામાં ઓરડાનાં દરવાજાપરથી કોઇએ બોલાવ્યો, "ભાઇ!"

માધવલાલે કહ્યું, "કોણ દામોદર, આવ, અંદર આવ,"

દામોદર ઓરડામાં આવીને એક ખુરશી ઉપર બેઠો. બેસીને બોલ્યો, "ભાઇ, એક જરૂરની વાત કહેવા આવ્યોછું."

માધવલાલે કહ્યું, "હું પણ તને એક જરૂરની વાત કહેવાનો વિચાર રાખું છું. તું શું કહે છે તે પહેલાં કહે."

દામોદર બોલ્યો, "હું કાશીની જોડે લગ્ન કરવા ચાહું છું."

માધવલાલ ચમકિ ઉઠયો, તેની બેઉ આંખો જાણે ચલકી હોયને. પરંતુ તરત પોતાને સંભાલ્યો. તેણે નીચું માથું કર્યું તેથી તેના ચહેરાનો દુઃખ દાયક ભાવ જોવા પામ્યો નહિ. પોતે પોતાને સંભાલીને માધવલાલે કહ્યું, "ઠીક."

થોડીવાર સુધી બેઉ જણા મુંગા બેઠા. ત્યાર પછી માધવલાલે પૂછ્યું, "શું તે કાશીને પૂછ્યું છે ?"

"દામોદર બોલ્યો, "હા."

ત્યાર પછી બેઉ જણ પાછા ચુપચુપ બેઠા.

દામોદર ઉઠીને જતો હતો, દરવાજામાંથી પાછો આવીને બોલ્યો, "ભાઇ! તમે શું કહેતા હતા તે કહો."

માધવલાલે કહ્યું, "આજે નહિ, બીજે કોઇક વખત કહીશ."

દામોદર આનંદિત ચિત્તથી આ લગનમાં ભાઇની હા છે એના સમાચાર કાશીને કહેવા ગયો.

૩

દામોદર જતો રહ્યો, માધવલાલે ઉઠીને ઓરડાનો દરવાજો બંધ કર્યો. ત્યાર પછી બે હાથથી મોં ઢાંકીને રોવા લાગ્યો તે રોવું શું

દુઃખતું હતું કે મનોવેદના વાળું હતું, તે કોણ કહેશે ? મર્મવ્યથા પીડિત હૃદયથી અવ્યક્ત વેદના વહીને તે આંસુઓ આંખમાં ખીલવા લાગ્યાં.

થોડોક વખત રોઇ માધવલાલ વિચાર કરવા લાગ્યો. આટલા દહાડાથી હું પોતાનું બધું સુખ તુચ્છ કરીને જેને સુખી કરવાની તજવીજમાં હતો, આજે શું મારી પોતાની સુખની આશામાં તેને હમેશાંને માટે અસુખી કરીશ ? જીવન ફૂલના જેવું ક્ષણભંગુર છે, તે સવારમાં ખીલે છે અને સાંઝે સુકાઇ જાય છે. આ ક્ષણભંગુર જીવનના ક્ષણસ્થાયી સુખને માટે શામાટે તેઓના સુખનો નાશ કરૂં ? મારે તેઓની પાસેથી જેવો વ્યવહાર મેળવ-વાની આશા કરવી જોઇએ, તેવો તેઓના તરફ વ્યવહાર રાખવો એ મારી ફરજ છે. દામોદર કાશીની જોડે લગ્ન કરીને સુખી થાઓ. હું તેઓના સુખને આડે આવીશ નહિ. માએ અમારે માટે કેટલું કષ્ટ સહન કર્યું છે અને હું તેના બોલમાં એક સુખની આશા ત્યાગી શકીશ નહિ ? દામોદરનો બોઝો મારા ઉપર છે, તેના સુખને માટે જેટલું કષ્ટ ખમવું પડશે તે ખમીશ.

માધવલાલે આંખ લોહીને નક્કી કર્યું. હૃદયમાં કોઇપણ મહાન્ સંકલ્પ આવ્યાથી બળની ખોટ રહેતી નથી; તે વેળાએ બળ પોતાની મેળે આવે છે. સંકલ્પ સ્થિર થયા પછી માધવલાલના હૃદયના કોઇ છુપા ખુણામાં કયાંથી કેવી જરા વેદના તીક્ષ્ણ કુશાંકુરના જેવી ભોંકાઇ હતી, ઘણો યત્ન કર્યા છતાં તે ઉખાડી શકયો નહિ.

૪

જેમ દહાડા આગળ જતા હતા, તેમ જ જવા લાગ્યા. લગ્નના પછી પહેલા કેટલાક વખત સુધી દામોદરના મનમાં જે ઘણો આનંદનો ઉભરો આવ્યો હતો, તે પાણીની રેલની પેઠે જલદીથી ચાલ્યો ગયો. તે વેળાએ દાંપત્ય જીવનનું દરરોજનું માન અભિમાન, આદર લાડ, ભ્રૂકુટિ ચુંબન જેમ થાય છે તેમ થવા લાગ્યા. આનંદનો પહેલો રેલો લાંબો વખત સુધી રહેતો નથી. તોપણ દામોદર તથા કાશીના હૃદયમાં લગ્નની જોડે જરા ફેરફાર થયો હતો, તે ઘણો જ સ્વાભાવિક છે, કેમકે લગ્નની જોડે જીવનનો એક ભાગ ત્યા-ગીને બીજો એક ભાગ પ્રવેશ થાય છે, બે ભાગમાં ઘણો પ્રભેદ છે. પર-

ભેલી જીંદગાનીમાં જરા જીમેદારીનું જાણવું છે, જરા ગંભીરતા આવે છે, તે કુંવારી જીંદગાનીમાં આવી શક્તી નથી.

માધવલાલ પહેલા જેવા દહાડા ગાળતો હતો, હાલ પણ તેવા જ ગાળવા લાગ્યો. કેવળ તેના શરીર ઉપર કવખતના વૃદ્ધાવસ્થાનાં ચિન્હો ધીરે ધીરે ખીલવા લાગ્યાં, પહોળા કપાળપર ચિંતાતુરની રેખા જણાઇ, વાળ સફેદ થઇ ગયા, મનની સ્ફુર્તિ જતી રહી. દામોદર કોઇ કોઇ વખત પૂછતો હતો કે, "શું કંઇ જણાય છે?" માધવલાલ કહેતો "નહિ." દામોર બોલ્યો, "ત્યારે દહાડે દહાડે આવા શામાટે થાઓ છો?" માધવલાલ હસીને બોલતો, "એ કંઇ નથી, હું મરવાની પહેલા તું જાણી શકીશ, તેને માટે આટલો વિચાર કરવાની જરૂર નથી."

અંતે દામોદરે ઘણો આગ્રહ કરીને ભાઇને કચ્છ માંડવીથી કરાચીની મુસાફરીએ જવાને રાજી કર્યો. પોતે ટીકીટ કરાવીને કચ્છ માંડવીની સ્ટીમરમાં મૂકી આવ્યો. તે ઘેર પાછો આવીને દામોદરે કાશીને કહ્યું, "ભાઇને ખરેખર કંઈ મંદવાડ થયેલછે, પરંતુ તે કંઇ કહેતા નથી, શામાટે આ વાત છુપાવી હશે એ હું સમજી શકતો નથી. તેમના વિશે વિચાર કર્યાથી મને દુઃખ થાય છે." કહેતાં કહેતાં દામોદરની આંખમાં આંસુ ભરાઈ આવ્યાં. કાશી બોલી, "હમણાં તેઓ જરૂર સારા થઇને આવશે."

૫

નિયમિત સમયમાં માધવલાલ ઘેર પાછો આવ્યો; પરંતુ તે મુસાફરીમાં તેના દેહની અથવા મનની કોઈ જાતની ઉન્નતિ થયલી જોવામાં આવી નહિ.

ઘરમાં આવીને માધવલાલનું હવે શુનું શુનું લાગવા માંડયું. એટલી મુદત સુધી અભ્યાસને લીધે રોજના જીવનમાં તેટલો અભાવ જણાતો નહોતો. આ વખતે તે અભ્યાસમાં ફરક પડયો હતો, તેથી સ્વભાવ ઘણે તીવ્ર તરીકે જણાતો હતો. મુસાફરી કર્યાથી ઉપલી આ નુકશાની માધવલાલને થઇ હતી, લાભ કંઇપણ થયો નહોતો, જે દુઃખ ટળાશે નહિ, તે શું

મુસાફરીથી ટળાશે ? કલ્પના જે નાના દુઃખને વધારી મૂકયું, તે દુઃખ સુંદર દેખાવોમાં ગયાથી દૂર થાય છે ખરૂં; પરંતુ પ્રાણની ખરી યાતના કંઇ મરતી નથી—હૃદયનો જખમ કોઇ રીતે ભરાતો નથી.

ઘરમાં ઘણુંજ શુનુ લાગેલું જોઈને માધવલાલને એક દહાડો દામોદરને કહ્યું, “ દામોદર તારી ઑફિસનું કામ મને તું શીખવી શકીશ ? “દામોદરે પૂછયું, “ શામાટે ?” માધવલાલે જવાબ દીધો, “ કયારે શી જરૂર પડે છે તે કોણ જાણે,—શીખી રાખવામાં હાનિ શી ?” દામોદરે કહ્યું, “તેમ થશે નહિ; જ્યાં સુધી હું કમાવુંછું, ત્યાં સુધી કોઇ રીતે તમને ચાકરી કરવી પડશે નહિ. ” માધવલાલ હસીને બોલ્યો, “ ગાંડા, હું હમણાં શું ચાકરી કરવા જાઉંછું ! ઘરમાં કંઇ કામ નથી, ઘરમાં શુનું લાગે છે, તેથી તારી ઑફિસમાં જઇને બેસવા ઇચ્છું છું.”

દામોદર ભાઇને ઑફિસમાં લઈ જવાને કબૂલ થયો. માધવલાલ ઑફિસના બીજા ચાકરી કરનારાઓની પેઠે દરરોજ વખતસર ઑફિસમાં જતો હતો, અને વખતસર ઘેર પાછો આવતો હતો. પરંતુ તેમાં એક વિપત્તિ આવી. ઑફિસના હોદ્દેદારોના શિવાય બીજા કોઇ ઑફિસના ખર્ચ પત્રનો હિસાબ જોય એ મોટા હોદ્દેદારની ઇચ્છા નહોતી તેથી ભાઇએ હિસાબના કાગળ પત્રો હાથમાં લીધા તેને લીધે દામોદરને ઠપકો મળ્યો. તે વાત સાંભળીને માધવલાલે બીજે દિવસથી ઑફિસમાં જવાનું માંડી વાળ્યું.

કેટલાક દહાડા ઑફિસમાં જવાના અભ્યાસ પછી માધવલાલે જાણ્યું, ઘરની એકાન્તતા ઘણી જ અસહ્યનીય છે. માધવલાલે દામોદરને કંઇ નહિ કહેતાં એક ચાકરી મેળવી; પરંતુ તે ખબર મેળવીને કાશી તથા દામોદર ઘણા દિલગીર થયા અને તરત સમજાવવા લાગ્યા કે, સ્નેહશીલ માધવલાલે હવે ચાકરી કરવી નહિ. દામોદરે કહ્યું, “ ભાઇ, તમે અમારા ઘરમાં દેવપૂજાના જેવા છો—જે ગૃહદેવતાને મજુરી કરાવે છે, તેનું ભલું થતું નથી. હું જ્યાં સુધી જીવતો રહીશ, ત્યાં સુધી તમે ચાકરી કરી શકશો નહિ. ” કાશી બોલી, “ શા દુઃખથી તુમે મજુરી કરવા જાઓછો. ? તમને શેની ખોટ છે ? તમે એક પણ ઘરમાં રહેશો નહિ—વળી હું શું એકલી આ ઘ-

રમાં રહી શકું ? તમે કોઇ રીતે ચાકરી કરી શકશો નહિ."

દામોદર તથા કાશીનો સ્નેહ જોઇને માધવલાલની આંખમાં આંસુ આવ્યાં. માધવલાલને હવે ચાકરીએ જવું પડયું નહિ.

માધવલાલે નવલકથાના પુસ્તકો વાંચીને હૃદયનું દુઃખ ભૂલવાનો યત્ન કર્યો, પરંતુ ગંભીર પ્રકૃતિ વેદનાથી કષ્ટ પામેલા માધવલાલને નવલકથા સારી લાગતી નહોતી. કંઇ પણ સારૂં લાગતું નહોતું. તે જોઇને આખરે દર્શન વાંચવાનો આરંભ કર્યો, પરંતુ મનની અવસ્થા સારી નહિ હોવાથી કંઈ સારૂં લાગતુ નથી. થોડા દિવસમાં માધવલાલે ફરી વાંચવું બંધ કર્યું. ઘણોજ મર્મ વ્યથાથી દુઃખિત થયાથી તે કેવળ એક એકવાર ઈશ્વરના ભજન ગાતો હતો આવી રીતે તે દહાડા ગાળવા લાગ્યો.

૬

ત્યાર પછી માધવલાલને બીજા વધારે દહાડા કામની ખોટ રહી નહિ.

જ્યારે કાશીને એક સુંદર દીકરો થયો ત્યારે માધવલાલની આગળ તેણે એક નવા જગતનો દરવાજો ઉઘડયો હોયને એવું થયું. માધવલાલના હૃદયના ગાઢા અંધકારમાં તે બાળક જાણે તેજસ્વી શુક્રના તારાના જેવો ખીલ્યો હોયને એવું ભાસતું હતું. બાળક કદાચ પોતાની જોડે સ્વર્ગનો નિર્મળ આનંદ લઇ આવ્યો હશે, તેથી આ હમેશાંના દુઃખમય જગતમાં પણ તે બધાના હૃદયમાં આનંદ આપે છે. છોકરાના નાના બે હાથના બંધનની પાસે જગતના બીજા બધા બંધનો નકામા થઇ જાય છે;—બાળકના હોઠપર પવિત્ર હસવાની સાથે જગતના ઘણાક કર્તવ્ય તણાઈ જાય છે, હૃદયનું કઠોર વૈરાગ્ય જતું રહે છે.

દામોદરના પુત્રે માધવલાલના હૃદયને નવો આનંદ આણ્યો, તે છોકરાને લઇને માધવલાલ વખત ગાળતો હતો. છોકરો પણ માધવલાલને છોડીને રહી શકતો નહોતો, માધવલાલ પણ છોકરાને છોડીને રહેવા ચહાતો નહોતો. પ્રૌઢ કાકા તથા બાલક ભતરીજામાં મનનો મેલાપ શાકારણથી થયો હતો તે નિશ્ચય કહેવું અસંભવ છે. તો પણ એકને છોડીને રહેવું એ બીજાને દુઃખ થતું હતું. કામને પ્રસંગે ક્યાં જવું પડતું તો જ્યાં સુધી છોકરાને

જોતો નહિ ત્યાં સુધી માધવલાલ નિરાંતે રહી શકતો નહિ,, બાળક પણ થોડો વખત કાકાને નહિ જોયાથી રોઇને ઘરના બધાને કંટાળો આપતો હતો.

દરરોજના જીવનના નાના નાના સુખ દુઃખ, હર્ષ વિષાદ, ચહાવું ગુસ્સે થવું લઇને જોતાં જોતાં બે વર્ષ ચાલ્યાં ગયાં. દામોદરનો પુત્ર સુબંધુએ ઉમ્મરની સાથે કાકાનું આવું હૃદય કબજે કર્યું.

૭

કાર્તિક મહિનો બેઠો છે. ધુમથી ઘેરાયલું આકાશ સ્વભાવત; અનુજ્વલકર તાઢથી તડકો નરમ પડયો છે—તેના ગ્લાનકર પ્રભાવથી ઘરનાં શિખરો ઉલ્લાસિત થઈ પડયાં છે. પોતાના ઓરડાની બારીની પાસે બેસીને માધવલાલ રસ્તાની તરફ જોતો રહેલો છે, બીજું તેની પાસે ઉભો રહીને દામોદરનો બે વર્ષનો પુત્ર સુબંધુના કાલા કાલા વાકયથી શું નું શું તે બોલે છે. માધવલાલ વખતો વખત છોકરાને રમાડે છે અને રસ્તામાં જુએ છે. એટલામાં હાફતો હાફતો દામોદર ઝડપથી તે ઓરડામાં આવ્યો.

ખોખરે અવાજે દામોદર બોલ્યો, " ભાઇ ! "

માધવલાલ ચમકિ ઉઠયો, તે બોલ્યો " શું છે દામોદર ? "

દામોદરે કહ્યું, " સત્યાનાશ વળ્યું છે, ઑફિસનો હિસાબ મારા હાથમાં રહે છે. હું વખતો વખતે ચેક ખોટા બનાવીને બેકંમાંથી રૂપીઆ લેતો હતો, તે રૂપીઆ હું સટામાં નાખતો હતો, કોઇમાં હું જીત્યો હતો અને કોઇમાં હાર્યો હતો, પછી આસરે હિસાબ પ્રમાણે રૂપીઆ પાછા બેંકમાં નાંખતો હતો. વળી મેં આ વખતે રૂપીયા લીધા હતા તે બધા હારી ગયેલું. જીતવાની આશાથી ફરી રૂપીઆ ઉપાડયા હતાં પણ આ વખતે જીતવા પામ્યો નહિ. "

દામોદર જરા મુંઝો રહીને ફરી કહેવા લાગ્યો, " ઑફિસના ઉપરીએ હમણાં બધું જાણ્યું છે. હમણાં મને પકડવાને આવશે. "

નાનાભાઈની વાત સાંભળીને પછી તે માટે માધવલાલને ઘણું લાગી આવ્યું; ત્યાર પછી તેણે પૂછ્યું, "કેટલા રૂપીઆ લીધાં છે ?"

દામોદરે જવાબ દીધો, "વીશ હજાર રૂપીઆ."

માધવલાલે કહ્યું, " આટલા રૂપીઆ તારી પાસે નથી તેમજ મારી પાસે નથી. હવે રસ્તો શો ?"

દામોદરની નજર પોતાના બાળક ઉપર પડી. દિલગીરી ભરેલા અવાજથી તે બોલ્યો, " ત્યારે શું મારા બચાવને માટે કંઇ પણ રસ્તો નથી?

સંસાર સમુદ્ર મથન કરીને જેના ભાગ્યમાં હમણાં પણ અમૃતના શિવાય ઝેર ઉત્પન્ન થયું નહોતું, તે શું સહેલાઇથી સંસાર છોડવા ચાહે !

એકદમ માધવલાલના મનમાં આવ્યું, તેણે દામોદરને લખતા શીખવ્યું હતું, બેઉના અક્ષર સરખા હતા, તેણે નિશ્ચય કર્યો. ત્યાર પછી દામોદરને કહ્યું, " હું તને બચાવીશ, પણ સોગન ખા કે હું જે કહું તે કરીશ."

અંધારી રાતે ડોલતા સમુદ્રમાં ભાગેલા વહાણનાં ખારવાઓ એકદમ ભરતીના સપાટાથી કિનારે પોહોંચ્યાથી જેમ આનંદિત થાય છે તેમ તે આનંદિત થયો. તે બોલ્યો, " તમે જે કહેશો તે હું કરીશ."

માધવલાલે કહ્યું, " ત્યારે મને અડકીને શોગન ખા, હું જે કહું તેના ઉપર વાંધો લઇશ નહિ. કહે કે, તમે જે કહેશો તે હું કબૂલ કરીશ."

દામોદરે કબૂલ કર્યું.

એટલામાં દાદરા ઉપર ઝડપથી આવવાનાં પગલાં સંભળાયાં. દામોદર બોલ્યો, "આ પેલો આવે છે. હું શું ઘરની પછવાડેના રસ્તે નાહશી જાઉં ?"

માધવલાલે કહ્યું, "તારે તેમ કરવાની જરૂર નથી. ચુપચુપ બેઠો રહે. જે કરવાનું છે તે હું કરીશ."

એટલામાં તરત પોલિસનો ઇન્સ્પેક્ટર તથા ઑફિસનો મોટો હોદ્દેદાર તે ઓરડામાં આવ્યા.

૮

ઓરડામાં આવતાંજ ઑફિસના મોટાએ દામોદરને દેખાડીને પોલિસના ઇન્સ્પેક્ટરને કહ્યું, " આ માણસ અપરાધી છે."

ઇન્સ્પેક્ટર દામોદરને પકડવા આગળ થયો. માધવલાલે કહ્યું, " શા અપરાધથી એને પકડો છો ?"

ઑફિસના મોટા કામદારે મોટેથી ગર્જીને કહ્યું, " એણે અમારી ઑફિસમાંથી વીશ હજાર રૂપીઆ ઉચાપત કર્યા છે."

સ્થિરભાવથી માધવલાલે કહ્યું, " એણે તે રૂપીઆ ઉચાપત કર્યા નથી, તે મેં કર્યા છે."

એ સાંભળીને બધા અજાયબમાં ગરક થયા.

માધવલાલ કહેવા લાગ્યો, " આપ જાણોછો કે, હું કેટલાક દહાડા આપની ઑફિસમાં આવતો હતો. તે માટે આપે દામોદરને ઠપકો આપ્યો હતો. તે વખતે મેં ઑફિસનું બધું જોયું હતું, મેં ચેક બનાવટી કરીને રૂપીઆ છેતરીને લીધા છે. દામોદર નિર્દોષ છે."

ઑફિસનાં મોટાએ કહ્યું, " હું પણ તેજ વિચાર કરતો હતો, તમારો ભાઇ આટલા દહાડા કામ કરીને હમણાં એકદમ આવું શામાટે ખરાબ કામ કરે ? શું તમે પોતે દોષ કબૂલ કરો છો ? શું તમે જાણો છો કે હું ઑનરરી મેજીસ્ટ્રેટ છું. ?"

સ્થિર અવાજથી માધવલાલે કહ્યું, " હું અપરાધી છું."

ઇન્સ્પેકટરે માધવલાલને પકડયો. માધવલાલે તેની પાસેથી બે મિનિટનો વખત લઇને એક પત્ર લખ્યો, લખીને તે કાગળ દામોદરને આપીને કહ્યું, " હું ગયા પછી આ કાગળ વાંચીને જોજે. વાંચ્યાથી તું બધું જાણવા પામીશ."

ત્યાર પછી ઑફિસનો મોટો હોદ્દેદાર તથા ઇન્સ્પેકટરની જોડે માધવલાલ પોલિસ ચોકીમાં ગયો. જ્યાં સુબંધુ ઉભો હતો, તેણે હવે તેની તરફ પાછું વળીને જોવા ઇચ્છયું નહિ.

× × × ×

માધવલાલ ગયો કે તરત દામોદર કાગળ ઉખેડીને વાંચવા લાગ્યો.

" ભાઇ દામોદર."

જે દહાડે તે મારી પાસે કાશીની જોડે લગન કરવાનું કહ્યું હતું—તે દહાડે મેં તને એક જરૂરની વાત કહેવા કહ્યું હતું. હું કાશીની જોડે લગન કરવાની ઇચ્છા તારી પાસે જણાવીશ એવો મેં વિચાર કર્યો હતો. તે પ-

હેલા મને કહ્યું તેથી મેં વિચાર કર્યો કે,–માએ મરવાની વખતે તને મારા હાથમાં સોંપી ગઇ હતી, હું તારા સુખમાં અડચણ નાખીશ નહિ.

તે દહાડે માની વાતનો વિચાર કરીને તને લગ્ન કરવાની મેં અનુમતિ આપી હતી. વળી આજે કાશીનો વિચાર કરીને હું તને બચાવું છું. હું જાણુંછું કે તને સજા થયાથી કાશીનું સર્વ સુખ નાશ પામશે.

આ વાત કાશીને તું કહીશ મા. તે સાંભળ્યાથી દુઃખી થશે. તેના વિના આ વાત સાંભળ્યાથી જો તારી ઉપર તેની શ્રદ્ધાભક્તિ દૂર થઇ જાય તો તમારા બેઉનું જીવન દુઃખી થશે. તેથી મારી છેલ્લી વિનંતિ એટલી જ છે કે, કાશી આ વાત નહિ જાણવા પામે. તે મને દોષી તરીકે જાણે.

એક જણાને છોડી જતાં મને ઘણું દુઃખ થાય છે. તે સુબંધુ છે. મારી વતી તેને એક બકી દેજે. બાળક મને જલદીથી ભૂલી જશે.

તારો હંમેશનો સારૂ ઇચ્છનાર

ભાઈ માધવલાલ. ”

કાગળ વાંચીને દામોદર સ્તંભિત થયો.

એકદમ સુબંધુના રોવાથી તેને શુદ્ધી આવી. તે વેળાએ સુબંધુ કાકા પાસે જઇશ કહીને રોવાનો આરંભ કરતો હતો.

મનોરમા અને હરગોવિંદ.

૧

હીરાલાલ માણેકલાલની પુતળી જેવી કન્યા મનોરમા પંદર વર્ષે વિધવા થઈ.

હીરાલાલે પોતાની કન્યા મનોરમાને એવી જગાએ પરણાવી હતી કે તેના સાસરિયાં ઘણાં લોભી હતાં અને કન્યાને વળાવવાના પૈસા માગતાં હતાં. બિચારો હીરાલાલ કંઇક ગરીબ હતો તેથી જેટલું વરના સંબંધીઓ માંગતા હતા તેટલું આપવાનું તેના મનથી ભારે પડતું હતું, તેથી

છોકરી તેને ત્યાં જ રહેતી હતી, છોકરી મનોરમા પોતાના બાપને ત્યાં ખાઇ પીને તથા કપાળે ચાંલ્લો કરીને ફરતી, બીજા કોઈ સૌભાગ્યવતીના સુખની અધિકારી નહોતી; તેના આ બાળવિધવાપણાએ માબાપને ઘણું જ શોકાતુર કરી મૂકયાં. મનોરમા પણ તેઓના દેખા દેખી કેટલાક દિવસ સુધી ઘણી રોઇ, ચહેરો ફીકો કરી નાંખ્યો. પણ ખરી રીતે તેને પોતાને સમજવાની શકિત જ નહોતી, કારણ કે પંદર વર્ષની ઉમ્મરે એની બુદ્ધિ અને પ્રકૃતિ બાળકના જેવી હતી: શરીરની જોડે તેના મનની બુદ્ધિ આજ સુધી ખીલી નહોતી.

બરાબર તે વેળાએ તેની પડોશમાં પોતાની ન્યાતમાં બીજો એક બનાવ બન્યો. હરિવલ્લભ મણીલાલનો સતર વર્ષની ઉમ્મરનો છોકરો વિનોદલાલ માબાપને શોકમાં નાંખીને મરણ પામ્યો. હરિવલ્લભની સ્ત્રી આણેકે ઘણાં છોકરાંનાં મોં જોયાં હતાં. એકના પછી એક પાંચ યમના મોંમાં સોંપ્યાં. એક છોકરો જ્યારે બાર વર્ષની ઉમ્મરનો થયો હતો, ત્યારે સંન્યાસીઓ તેને ચોરીને લઇ ગયા હતા, તેને આજે દસ વર્ષ થયાં છે. ફક્ત હમણાં એક જ છોકરો હતો—તે બે વર્ષનો હતો. એની આશા રાખવી તથા ભરૂસો રાખવો પણ શી રીતે ?

શોકનો પહેલો વેગ કંઇક શમ્યો. હરિવલ્લભે સ્ત્રી જોડે વિચાર કર્યો ગૃહસંસાર હવે બીજા કોને માટે છે, ચાલો કોઇક તીર્થમાં જઇ અને તીર્થમાં જ પડીએ. ઘર, વાડી, વિષય સર્વ વેચીને, ગાય વાછડાં વહેંચીને, રહેઠાણ ઉઠાવીને, કાશીમાં બેસીને હરિનામ સ્મરણ કરવામાં આવે તો ઠીક, આ છોકરો જો જીવે તો પાછું બધું થશે.

પરંતુ સંસારની માયા ઘણી જબરી છે; ઘર છોડવું બહુ મુશ્કેલ છે. ઘરબાર છોડીને કાશી જવાની કલ્પના હાલમાં મુલતવી રાખી, બે તીર્થમાં ફરીને આવવાનો વિચાર નક્કી થયો.

મનોરમા એ સર્વ સાંભળીને ઘેર આવીને બોલી, "મા હું પણ કાકાની જોડે જઇશ." હરિવલ્લભ હીરાલાલનો કંઇક પાસેનો સગો થતો હતો, એક કુટુંબમાં ઘણા વખતનો નાતો હતો. મનોરમાનાં માબાપે તેમાં વાંધો

લીધો, મનોરમા રોવા લાગી. ખાવું પણ તેણે છોડયું. આંખનાં પાણી લ્હોતી લ્હોતી તેની માએ તે વેળાએ સ્વામીને સમજાવીને જવાનું નક્કી કર્યું.

તે વેળાએ નવી જ કાશીની રેલવે ઉઘડી હતી; તે વેળાએ લોકોને કાશી જવાની ભારે ધૂમ હતી. જે કાશી જતાં ચાર પાંચ હતા તે કાશી ત્રણ ચાર દહાડામાં પહોંચાતું. તેઓની કાશી જવાની મસલત સાંભળીને તે મોહાલ્લાની હરકુંવર ડોશી આવીને બોલી, શેઠાણી મને જો સાથે લઈ જાઓ તો હું તમારી ચરણસેવા કરીશ. બે વખત ખાઇશ, અને વિશ્વનાથના માથાપર એક ગંગાજળ બે બિલ્વપત્ર મૂકી આવીશ.

હરકુંવર ડોશીની પ્રાર્થના વિફળ ગઇ નહિ. જવાનો દહાડો નક્કી થયો.

જવાના ઉત્સાહમાં મનોરમાએ તો ખાવાનું તથા ઉંઘવાનું ત્યાગ્યું: એવી રીતે ચાલવા બોલવા લાગી, કે જાણે તે મનોરમા જ ન હોય ને! તેની એ પ્રફુલ્લતાથી તેનાં માબાપને કઇક સાન્ત્વના મળી.

મનોરમાને કાશીના વિશ્વનાથ કરતાં રેલવેમાં જવાની બહુ ઇચ્છા થઇ હતી. કે તે વેળાએ પહેલીજ મનોરમા રેલવે ગાડીમાં બેસીને જવાની હતી.

નક્કી કરેલો દિવસ આવી પહોંચ્યો. બધાં સ્ટેશન પર જવા નીકળ્યાં.

૨

યથાસમયે ટ્રેન છુટી. તે વેળાએ એકદમ બધો ઉત્સાહ બધો આનંદ મનોરમાને છોડીને ચાલ્યો. આગગાડીના શબ્દથી તેનું માથું ફરવા લાગ્યું. ડરથી બારીની બહાર જોઇ શકી નહિ. આખરે માણેકના ખોળાપર માથું મુકીને ઉંઘી ગઇ;–તે તેના કપાળ ઉપર હાથ ફેરવીને છેડાવતે માથા ઉપર વા નાંખવા લાગી.

રાત ગઇ. બીજે દહાડે મનોરમા સારી ટટાર થઇ. બારીની પાસે બેસીને મેદાન ખેતર, પહાડ જોતી હતી. પહાડ જોઈને એકીવારે ઉન્મત્ત થઇ બોલી,

" કોઇ પહાડ લીલા ઝાડ પાનથી ભરેલા છે, અને કેટલાક આવા સૂકાં બળેલા જેવા શાં માટે હશે કાકા?"

"સર્વે પહાડ શું વળી સરખા હોય બ્હેન ?"

"સર્વે માણસો કેમ ત્યારે સરખાં છે ?"

"સરખાં ? ક્યાં સરખાં છે બ્હેન ?" આવું કહીને માણેકે મોં ફેરવીને એક ટીપું આંસુનું લુગડાવતે લોહ્યું.—કોને માટે ?

ત્રણ દિવસે ‡મોગલસરાઇમાં ઉતર્યા. ત્યાંથી ઘણાક પાંડા* આવીને બેઠા. એકે હરિવલ્લભને કબજે કરી મૂક્યો.

મોગલસરાઈથી બીજી ગાડીમાં બેસી રાજઘાટ પહોંચાય છે. રાજઘાટ સ્ટેશન બરાબર ગંગાના ઉપર છે. પેલે પારે કાશીના મંદિરોની હાર સૂર્યના તેજમાં ચળકે છે. પુણ્યમયી જાહ્નવી ફીણવાળા તરંગ ઉછાળતી—અફાળતી વહી જાય છે. તે જોઇને ટ્રેનનાં બધા માણસો—"જય વિશ્વનાથકી જય", બોલીને વારંવાર ઉન્મત્તની પેઠે પોકારવા લાગ્યા.

એઓમાંથી કેટલાકોએ કાશીની તરફ જોઇને હાથ જોડીને પ્રણામ ક્ર. માણેક બોલી, "જય વિશ્વનાથ—હે અન્નપૂર્ણા—મનોવાંછા પૂર્ણ કરો. આટલા સાધુસંન્યાસી અહિં તમારી સેવા કરે છે, મારા છોકરાને જોવા પામું ! દેવાધિદેવ ! વિશ્વનાથ ! તમારો જય થાઓ. તમારો જયજયકાર થાઓ."

વિશ્વનાથ વિશ્વના ઘણા જ થોડા માણસોની પ્રાર્થના ઉપર કાન ધરે છે. પરંતુ માણેક તે થોડામાંની એક ઠરી. તેણે દશ વર્ષપર ગુમાવેલા છોકરાને જોયો.

એક દહાડો તેઓ કાલભૈરવના મંદિરમાં પૂજા કરવા જતા હતા, રસ્તાપર સાધનાનન્દ સ્વામીનો મઠ હતો. પાંડાએ કહ્યું, "માઇ ? સાધનાનંદ સ્વામીજીનાં દર્શન કરશો કે ? ઘણો મોટો મહાત્મા છે." બધાએ સાધનાનંદ સ્વામીનું દર્શન કર્યું. તે વેળાએ સ્વામી શાસ્ત્રની વ્યાખ્યા કરવામાં લાગેલા હતા. કેટલાક ભગવાં વસ્ત્ર ધારી નવા સંન્યાસીઓ બેસીને તે સાંભળતા હતા અને તે સંબંધમાં પ્રશ્નાદિ પૂછતા હતા. આ શિષ્યમંડળીમાં માણેકે પોતાના હરગોવિંદને ઓળખ્યો.

---

‡ કાશી પાસેનું સ્ટેશન.

* તીરથના બ્રાહ્મણ.

અદ્‌ભુત ફેરફાર થયો છે ! જે બાર વર્ષનો છોકરો હતો, તે હમણાં ભર જુવાનીમાં આવી મોટા શરીરનો નવીન યુવાન પુરૂષ થયો છે. તપશ્ચર્યાના ફળથી હો કે બીજા કોઈ કારણથી હો, તેનો વર્ણ તપ્ત કાંચનના જેવો પ્રભાવવાળો છે; માથા ઉપર લાલાશ પડતી જટાનો ભાર છે, કપાળપર વિચિત્ર જાતનાં ટીલાં છે.

તેને મેળવીને તેના માબાપને આકાશનો ચંદ્રમા હાથમાં આવ્યો હોય એમ થયું. પરંતુ તેણે કોઇ રીતે સંન્યાસ ત્યાગ કરવા માંગ્યું નહિ. એટલું જ નહિ પણ મઠ છોડીને માબાપની સાથે કેદારઘાટપરના મુકામપર રહેવાને પણ રાજી થયો નહિ. તોપણ દરરોજ આવીને આખો દહાડો તેઓની જોડે ગાળતો હતો.

એક અઠવાડિયું આવી રીતે ગયું. એટલામાં જરા ગડબડ થઇ ! જેટલા દહાડાથી નવલકથા લખવાની ઉત્પત્તિ થઇ છે,—કોઈ કોઈ વિદ્વાનના મનમાં તેથી પણ પહેલાંથી છે, અર્થાત્ જેટલા દિવસથી પૃથ્વી નરનારીવાળી અને નરનારી હૃદય—નયનવાળાં થયાં છે—તેટલા દિવસથી આ ગડબડ ચતી આવી છે. બીજાથી તથા પહેલાં પહેલાં પોતાનાથી પણ છાની રીતે આ સંન્યાસીવર મનોરમાને જરા વધારે ચહાવા લાગ્યો; તે જુએ છે, વળી જુએ છે, વધારે જુએ છે. મનોરમાની છાતીમાં પણ કેવો એક નવા ભાવનો તરંગ રમવા લાગ્યો ! કેવો એક સંતોષનો તથા સુખનો ઊર્મી ઉત્પન્ન થયો !

એક દહાડો એ આંખની તથા છાતીની ભાષાનું ચહેરાની ભાષાનાં રૂપાન્તર થવાની શરૂવાત થઈ.

તે દહાડો સવારનો હતો. હરગોવિંદે આવીને જોયું, મનોરમા બેઠી બેઠી દૂધ ગરમ કરે છે,—છોકરો ઉંઘે છે—ઘરમાં બીજું કોઇ નથી. તેણે સાંભળ્યું કે પોતાના માબાપ ગંગાપર નાહવા ગયાં છે. હરકુંવર ડોશી બજારમાં ગઇ છે. તેણે પૂછ્યું, " તું આજ ગંગા સ્નાન કરવા ગઇ નહિ ?"

" મારા જીવને જરા સારૂં નથી. "

હરગોવિંદ ગભરાઇને બોલ્યો, " જીવનને સારૂં નથી ? હાથ જોઉં ?"

મનોરમાએ હાથ લંબાવ્યો, હસીને તે બોલી, "શું તમે વૈદ્ય છો?"

જવાબ નહિ આપતાં હરગોવિંદ નાડી જોવા લાગ્યો. ત્યાર પછી તેના કપાળ ઉપર હાથ મૂકીને બોલ્યો, "આ તો બહુ ગરમ દેખાય છે?"

મનોરમા હસીને બોલી, "મોટા વૈદ્ય થયા છો! મને મુદલે તાવ આવ્યો નથી."

"શું તાવ આવ્યો નથી? તારૂં કપાલ ઘણું જ ગરમ છે."

"એનું કારણ એ છે કે હું આગની પાસે બેઠેલી છું."

"ઠીક, આગની પાસેથી ખસીને આવ જોઇએ. સારી રીતે હાથ તપાસું." આમ બોલીને હરગોવિંદે મનોરમાના હાથ ઝાલીને તેને ખસાડીને તેનો સુંદર કોમળ હાથ પોતાના એક હાથમાં સતૃષ્ણ ભાવથી આલિંગન કરીને ઝાલ્યો. બીજા હાથની આંગળીથી નાડી તપાસવા લાગ્યો. મનોરમાના મનમાં એક જાતનો ડર ઉત્પન્ન થયો. એકદમ ના—ના શબ્દ બોલતો હતો. તેના પગ સ્પષ્ટ થર થર ધ્રુજતા હતા; તેમ જ હરગોવિંદની પણ તેવી જ હાલત હતી. હરગોવિંદે કહ્યું—"મનો."

આ પહેલવહેલોજ "મનો" બોલ્યો—પહેલાં મનોરમા બોલતો હતો. મનોરમાએ, કહ્યું, "શું!"

ઘણું આશ્ચર્ય! હળવે હળવે "શું" કહેવાની શી જરૂર હતી? હૃદયયંત્રમાં લોહી જરા વિશેષ ભાવથી સંચાલિત થવાથી બોલવાનો અવાજ ઘણો નરમ થઇ ગયો હતો.

થોડોક વખત ચાલ્યો ગયો—કોઇએ કંઈ પણ કહ્યું નહિ.

આખરે બહારથી હરકુંવર ડોશીનો અવાજ સંભળાયો! હજી સુધી તેઓ આવ્યાં નથી! દર્શન કરીને શું આવશે નહિ? હું ત્યારે કોની જોડે જઇશ?

હરગોવિંદ મનોરમાનો હાથ છોડીને બહાર આવ્યો. તે બોલ્યો, "હરકુંવર ડોશી ક્યાં ગયાં હતાં?"

હરકુંવર ડોશી બોલી, "કોણ? ભાઈ કે? પ્રણામ કરૂંછું. જુઓ અડધા પૈસાના બટાટા ઘણા થોડા આવ્યા. આપણા દેશમાં કોઇ તેને પૂછતું

નથી. મેં કહ્યું, તેથી વેચનારી કોણ જાણે શું ને શું બકતી હતી–તે કંઇ મારા સમજવામાં આવ્યું નહિ. મને ગાળો દે છે એવું સમજીને મેં પણ જે મોં પર આવ્યું તે કહીને ચાલી આવી. ”

હરગોવિંદ આ ફરિયાદ પર કંઇ પણ ધ્યાન નહિ આપતાં, ત્યાંથી નીકળ્યો.

૪

તે દિવસે આખો દહાડો હરગોવિંદ આવ્યો નહિ. મઠમાં જઇને પોતાની ઓરડીનો દરવાજો બંધ કરીને બેઠો.

પછી થોડીવાર ચુપચાપ થઇને બિછાનાપર પડી રહ્યો. મનમાં આવ્યું કે જાણે નીશા ચઢી હોયને, તેમ માથું ઝણ ઝણ કરતું હતું.

મસ્તક જરા શીતળ થયાથી તે ધારવા લાગ્યો, “ આજ હું મોટું એક દુષ્કર્મ કરી આવ્યો છું. ”

પોતાના ચિત્તચાંચલ્યના વિષયમાં તે અજાણ્યો નહોતો. તેને માટે તે પોતાને ક્ષમા કરતો હતો. આવી રીતે ચિત્તચાંચલ્ય પહેલાં પણ કોઈ કોઇ વખતે થયું હતું—પરંતુ મનનું પાપ, કર્મથી કદી પણ બહાર પાડયું નહોતું. એ ચાંચલ્ય લોહીમાંસનો નહિ ટુટે એવો ગુણ છે–તેને ઉખેડવાનો કંઇ પણ ઉપાય નથી. સહન કરવું જોઇએ, સંયત રહેવું જોઇએ–એ જ ધાર્મિકનું, સજ્જનનું કર્તવ્ય છે. પરંતુ આજે સવારમાં તે સંયમ તેનો ક્યાં ગયો ? આજે તે શું કરી બેઠો ? ‘ બીજે કોઈ વખતે કદી પણ આકાંક્ષવાન થઇને કોઇ પણ સ્ત્રીને મેં સ્પર્શ કર્યો નહોતો; આજે શું થયું ! ’

પોતાના ઉપર ધિક્કારથી, અનુશોચનાથી હરગોવિંદ અસ્થિર થયો; આ તેનો સંન્યાસ ધર્મ ! આટલો ગર્વ–આટલું તેજ–સર્વ પળમાં રસ્તાપરના કીચડમાં ફસાઇ ગયું.

પુરાણને યાદ કર્યાં—અપ્સરા મોકલીને દેવતાઓએ મુનિઓનો તપોભંગ કરવાનો યત્ન કર્યો હતો—ચિત્તશક્તિની પરીક્ષા લેતા હતા, તે કેટલી સખ્ત પરીક્ષા છે ! તેની સરખામણીમાં આ શું છે ? કંઇ જ નહિ–પરીક્ષા જ નથી. તોપણ તેનો શરમાવે એવો પરાજય છે !

ધીરે ધીરે મનમાં આવ્યું; મુનિયોને ઘણાં વર્ષોની સાધના હોય છે, હું તો પરમ દહાડે જન્મ્યો છું માત્ર ! વળી આ દશ વર્ષમાં મેં જે કર્યું છે તે તો તપશ્ચર્યા પણ નથી. થોડુંક વ્યાકરણ ભણ્યો છું,-કાવ્ય વાંચ્યાં છે દર્શનનાં ફિલસુફી સૂત્રો મ્હોંએ કર્યાં તે-શ્રુતિના ભાષ્યની નકલ કરી છે, માત્ર !

ધીરે ધીરે તેના મનમાં સાન્ત્વનાનો પ્રકાશ પડવા લાગ્યો. તેણે વિચાર કર્યો, શાસ્ત્રોમાં મુનિયોની કેવી ચિત્શક્તિની ઓળખાણ આપી છે—ઘણા ખરા તો પરાજિત થયલા છે !

પુરાણની બીજી ઘણી કથાઓ યાદ આવી. તેનાથી પોતાની સાન્ત્વનાનો માર્ગ ઘણો સ્વચ્છ થવા માંડ્યો.

ત્યારે વિચાર ઉત્પન્ન થયો-આ ભ્રમ મનમાં શા માટે પોષણ કરવો ? હું તો સંન્યાસી નથી; વિદ્યા શીખવા માટે આટલા દહાડા બ્રહ્મચર્યવ્રત પાળ્યું હતું.

પોતાના મા બાપના જ અઠવાડિયા સુધીના કરુણાવાળા બોલ ધીરે ધીરે યાદ આવવા લાગ્યા.-"અમારૂં હવે બીજું કોઇ નથી બેટા-ઘર ચાલ -અમારૂં ઘર અંધારૂં છે-મારી આંખના મણિ, તું લગ્ન કર-લગ્ન કરીને સંસારી થા."

જો તે લગ્ન કરે-જો તે સંસારી થાય, તો શું થાય ?

કેવો ભયાનક વિચાર ? તે કદી પણ બને ? ગુરુ સાધનાનંદ શું કહેશે ? સાથે ભણનારા બાળગોપાલ, કરુણાકંદ, માધો ઉપાધ્યાય, સીતાપતિ શું કહેશે ?

તે વેળાએ તેણે વિચાર કર્યો,-કેવું આશ્ચર્ય ! કોણ શું કહેશે તે વિચાર કરીને શું હું મારૂં કામ નક્કી કરૂં ? શું કહેશે ? જે ઇચ્છા હોય તે ભલે કહે, હસે તો છો હસતા તેમાં તારૂં શું જનારૂં છે !

પોતાના ભવિષ્યત્ જીવનની કલ્પના કરવાને યત્નવાન થયો. પેલા 'વાળ નથી, ગેરવાં વસ્ત્ર નથી, દેશમાં ગયો છે, લગ્ન કર્યું છે. ઘરમાં વહુ-જોઉં કેવી વહુ છે ?-મનોરમા. છી ! મનોરમા નથી. બીજી કોઇ છે. પરંતુ મને

માન્યું નહિ. બાળકના હાથમાંથી એક રમકડુ ઝુંટાવીને તે છુપાવેલા રમકડાને બદલે સેંકડો રમકડાં તેના હાથમાં આપ્યાથી તે જેમ ફેંકી દે છે, તેમ હરગોવિંદના પ્રણયબાળકે પણ મનોરમાના વિના કોઇ પણ દેવી, નારી અથવા કિન્નરીને વહુ કરવાને ચાહ્યું નહિ.

તે વેળાએ એકદમ એક વર્ષનો જૂનો બનાવ તેના મનમાં આવ્યો. એક વર્ષ પહેલાં પંડિત ઇશ્વરચંદ્ર વિદ્યાસાગરનો એક શિષ્ય વિધવા વિવાહની શાસ્ત્રીયતાનો વિચાર કરવા માટે કાશીમાં આવ્યો હતો. કાશીના પંડિતસમાજમાં તે વખતે તે પ્રશ્ન સળગી ઉઠયો હતો. લોકમાં પંડિતની કેટલી મશ્કેરી થતી હતી !—કેટલા સખ્ત બોલ બોલાતા હતા ! એકે કહ્યું હતું કે એની ચોટલી કાપીને ગુંદર લગાડીને પછવાડેના ભાગમાં ચોટાડીને પૂછડી બનાવો !

તે પંડિતની યુક્તિનો—તર્કોનો હરગોવિંદ મનગાંને મનમાં વિચાર કરવા લાગ્યો. બારી ઉઘાડીને ઓરડીમાં અજવાળું લાવીને પોતાની પોથીનાં પાનાં વાંચ્યાં. મનુ, યાજ્ઞવાલ્કય, પરાશર, રઘુનંદન, કુમારિલભટ્ટ—પાનાં ઉઘાડીને વિસંવાદના શ્લોકો વાંચવા લાગ્યો, તેની ટીકા ભાષ્ય વાંચ્યાં, સ્વાર્થના નવા પ્રકાશથી બધા શ્લોકોના અનુકૂલ અર્થ સુઝવા લાગ્યા.

પુર્નલગ્નનો કાયદો લઇને મુંબઈ કલકત્તામાં કેવી ગડબડ મચી હતી તે તે જાણતો નહોતો. તે વખતે તો કાશીમાં હતો. કાશીના પંડિતોએ વિરોધ ઉભો કર્યો હતો ખરો, પરંતુ એક બે જણાએ તેની પુષ્ટિ પણ આપી હતી.

સંધ્યાની પહેલાં નક્કી કર્યું કે 'મનોરમાની જોડે યથાશાસ્ત્ર લગ્ન કરીશ એ બધાં શાસ્ત્ર દેખાડીને યુક્તિ દેખાડીને બેઉનાં માબાપને પોતાના મતમાં લાવીશ. હાય બાળક !'

જ્યારે તે બહાર નીકળ્યો, ત્યારે વિશ્વેશ્વરની આરતિના ઘંટા વાગતા હતા. ટોળે ટોળાં માણુસો મંદિર તરફ દોડતા હતા. કેવો સુંદર સુગંભીર દેખાવ ! હજારો કંઠમાંથી ઉચ્ચારિત મંત્રમય વેદનાં ગાયન થાય છે !

૫

આરતિ પછી હરગોવિંદ કેદારઘાટપરના મુકામપર આવ્યો. તેણે આવીને જોયું તો ઘરમાં મનોરમાના શિવાય બીજું કોઇ નહોતું. હરગોવિંદને જોઇને મનોરમા આહ્લાદથી ચંચળ થઈ પડી.

" મનો—બધા ક્યાં છે ?"

" તેઓ બધા આરતિ જોવા ગયાં છે, હજી તેઓ પાછા ફર્યાં નથી."

" હું પણ આરતિ જોવા ગયો હતો. ભીડમાં કદાચ તેઓને જોવા પામ્યો નહિ હોઉં તેઓ કદાચ અન્નપૂર્ણાની આરતિ જોઇને આવશે. કેમ છે મનો ?"

" ઠીક છું. આખો દિવસ કેમ આવ્યા નહિ ?

" હું આ વખતે આવ્યો છું. હમણાં હવે જલદી જઇશ તે જાણે છે ?"

" ખરેખર ! મઠમાં જશો કે ?"

" નહિ, મઠ છોડી દીધો છે. હવે સંસારી થઇશ, લગ્ન કરીશ, મનો."

" ખરેખર ?—કાકી ઘણાં ખુશી થશે. ઘણી દેવતાઓની માનતા કરી છે." આટલું બોલીને મનોરમાને પરસેવો છૂટવા લાગ્યો.

બે જણુઓએ ઘણીક વાતો કરી. જે વાત આંખ આંખથી ઘણીક-વાર થઇ ગઇ હતી તે વાત મોં મોં પણ થઈ. હરગોવિંદે કહ્યું, પુર્નલગ્ન હમણાં શાસ્ત્રસંમત થયું છે. હું બેઉ માબાપને સમજાવીને તારી જોડે લગ્ન કરીશ. મૂઢ બાલિકા સંસારનું કંઇ પણ જાણતી નહોતી;—એ બોલવું ખરૂં સમજીને માન્યું. વિધવાનાં લગ્ન થાય છે એવો તેને એક ભુમાટો પ-હેલાં સાંભળ્યો હતો. હરગોવિંદને મનમાં સ્વામી તરીકે ગ્રહણ કર્યો.

હરગોવિંદે કહ્યું, " આજ રાતે ત્યારે માને કહું ?" મનોરમા બોલી " નહિ —પાછા દેશમાં જઇને કહેજો !"

હરગોવિંદે મનોરમાનો હાથ ઝાલીને પૂછ્યું, " શા માટે, મનો ?"

" તેમ થયાથી મને ઘણી શરમ લાગશે. હું તમારી જોડે વાતચિત્ત કરી શકીશ નહિ. એક ઘરમાં જ્યાં સુધી છીએ, ત્યાં સુધી કહેશો ના. હું તમારે પગે પડું છું."

હરગોવિંદે કહ્યું, "ત્યારે દેશમાં જઇને કહીશ."

એટલામાં માબાપ દેવદર્શન કરીને આવ્યાં.

હરગોવિંદની માએ જ્યારે સાંભળ્યું કે હવે હરગોવિંદ મઠમાં જશે નહિ, ઘરમાં જ રહેશે,—ત્યારે તેણે હાથમાં સ્વર્ગ મેળવ્યું હોય એવું ધાર્યું મનના સુખથી દેવદર્શન કરવામાં વધારે ફરવા લાગી; બે યુવક યુવતી પણ વધારે એક એકનો સંગ મેળવવા લાગ્યાં.

હરગોવિંદનાં માબાપ ઘણા જ ટુંકા વિચારનાં હતાં—ખચીત હરગોવિંદ અથવા મનોરમા એક બીજાની જોડે લગ્ન કરી શકે એવો વિચાર કરે પણ તેઓના મગજમાં તે વાતે પ્રવેશ કર્યો નહિ. તથાપિ એ બેઉના તરફ તેઓનું એક કર્તવ્ય હતું—તેઓને એકાંત મળવાનો અવસર આપવો ઉચિત નહોતો, પરંતુ બે કારણથી તેઓને એ અંધતા આવી હતી; છોકરા ઉપર સ્નેહ. અને એની વિદ્યા બુદ્ધિ તથા ધાર્મિકપણું.

૬

અંતે દેશમાં પાછા ફરવાનો વખત આવ્યો—હરગોવિંદની મા હમેશાં મનોરમાની સલાહ પૂછતી હતી, કેઇ છોકરીની જોડે હરગોવિંદનું વેશવાળ કરવું ? એક દહાડો હરગોવિંદની પાસે એ બધી વાતચિત્ત કરતાં કરતાં મનોરમાં બોલી, "માને જ્યારે તમે કહેશો કે મારી જોડે લગ્ન કરશો, વળી શાસ્ત્રમાંથી બધું દેખાડશો કે તેમાં વિધવાના લગ્ન કરવાનું છે, ત્યારે માને ઘણી ખુશી થશે એવું જણાય છે." મનોરમા ધારતી હતી કે આ મારો સસરો અને આ મારી સાસુ છે. તે ધારતી હતી કે હું તેઓની પુત્રવધુ થઇશ, તે હમણાં જાણવા પણ પામ્યાં નહોતાં,—કેવી મઝા !

બધાં દેશમાં પાછાં આવ્યાં. હરગોવિંદને જોઇને બધાં આશ્ચર્ય પામ્યાં. તેનું બોલવું હિંદી ભાષાથી મળેલું હતું. તેનો સંસ્કૃત અભ્યાસ જોઇને લોકો સ્તબ્ધ થતા.

માણેક દેશમાં આવતાં જ હરગોવિંદનાં લગ્ન કરવા માટે કન્યા શોધવા લાગી. હરગોવિંદે તેને કહ્યું, "મા,, તારી જોડે કંઇક વાત કરવાની છે."

" વાત કરી. તે સાંભળીને મા જાણે આકાશમાંથી પડી હોયને એમ જણાઇ.

હરગોવિંદે કહ્યું, " એ શું મા ? સાંભળને ? પુનંલગ્નની રૂઢિ ચાલી છે, કાયદો થયો છે. "

માએ કહ્યું, " કાયદાને આગ લગાડ. અંગ્રેજો મ્લેચ્છ છે, તેઓ શામાટે કાયદો નહિ કરે ? "

" અંગ્રેજો મ્લેચ્છ—પણ કલકત્તાનો પંડિત ઇશ્વરચંદ્ર વિદ્યાસાગર, મુંબઇનો પંડિત વિષ્ણુ ફરસરામ શાસ્ત્રી, અમદાવાદના રાવબહાદુર ભોળાનાથ, મહીપતરામ, ગોપાલરાવ હરિ દેશમુખ, લાલશંકર વગેરે મોટા પંડિત છે, પરમ હિંદુ છે, તેઓએ પ્રમાણુ કર્યું છે."

મા વિદ્યાસાગર વગેરે ઉપર એવી એક કટૂક્તિ બોલી કે તે કલમથી બહાર કાઢી નહિ શકાય

હરગોવિંદ ઘણો જ નિરાશ થયો. તેણે વિચાર કર્યો કે મારો પિતા શાસ્ત્રદર્શી છે તે સમજશે.

પિતાએ સાંભળીને કાનમાં આંગળાં નાખ્યાં—" છિ છિ છિ—આટલા દહાડા શાસ્ત્ર ચર્ચાનું આ ફળ તારૂં થયું ? "

હરગોવિંદે શાસ્ત્રના તર્ક ઉપાડયા પિતાએ કહ્યું, " શિવ ! શિવ ! એની ચર્ચા કરવામાં પણ પાપ છે. "

એના કરતાં પ્રબળતર વિરૂદ્ધ યુક્તિ બીજી શી હોય ? હરગોવિંદે જ્યારે જોયું કે પિતાની પાસેથી કિનારો મળ્યો, ત્યારે નિરાશ થઇને પોતાના સૂવાના ઓરડામાં આવીને બારણાં બંધ કરીને બેઠો.

અઠવાડિયામાં ઘેર ઘેર આ વાત ચર્ચાઇ પડી.

હીરાલાલ માણેકલાલે આંખ લાલ કરીને હરિવલ્લભ મણિલાલના દિવાનખાનામાં પ્રવેશ કર્યો. દરવાજો બંધ કરીને બે જણાએ ઘણીક વાતચિત્ત કરી. એક કલાક પછી હરિવલ્લભે બહાર આવીને હરગોવિંદને લઇને તે ઓરડામાં જઇને દરવાજો બંધ કર્યો.

તેને બીજે દિવસે હીરાલાલે જણાવ્યું કે મારી કન્યા મનોરમાને હૃદયનો રોગ થયો છે, ડાકટરને દેખાડવા માટે મુંબઇ જાઉંછું. સહકુટુંબ મુંબઇ ગયો. કેટલાક દિવસ પછી હરિવલ્લભના ન્યાતીલાઓએ સાંભળ્યું કે

ફરી હરગોવિંદ કાશીના મઠમાં ચાલ્યો ગયો છે. થોડા દિવસ પછી સાંભળ્યું કે મનોરમા મરણ પામી છે. !

મુંબઇમાં પંડિત વિષ્ણુ ફરસરામ શાસ્ત્રીએ યથાવિધિ પુર્નલગ્ન કરાવીને, વર તથા કન્યાને આશીર્વાદ આપ્યો છે. અને તેને કેટલાકો તરફથી સીફારસના પત્રો મળીને, કૉલેજમાં હરગોવિંદને સંસ્કૃત શીખવવાની નોકરી મળી.

હાલમાં હરગોવિંદ પેન્સન લઇને સુરતમાં રહે છે. છોકરાં છૈયાં ઘણાં છે. વખતો વખત પાકા વાળની ચોટલી હલાવીને, હાથમાં લઇને, સસ્નેહથી સ્ત્રીને કહે છે–" કહે મનો ! તારો હૃદયનો રોગ કેવો છે ? "

સહધર્મિણી.

૧

શ્રી ભગવાનુંવાચ.—

प्रज हाति यदा कामान् सर्वान् पार्थ मनोगता ॥

आत्मत्मेवात्मना तुष्ट स्पितप्रज्ञस्तदोच्यते ॥

"શ્રી ભગવાન્ ઉવાચ–હે પાર્થ, આત્મનિ એવ, કિના પરમાનન્દરૂપે, આત્મના કિનાસ્વયમેવ."

તમારી વ્યાખ્યા બ્યાખ્યા રહેવા દો. તમે જરા મીઠા આવાજથી વાંચો હું સાંભળું.

જો ગોદાવરી, તને ઘણું સમજાવ્યું તોપણ તને જરા પણ શુદ્ધી આવતી નથી. તું મારી સરધર્મિણી છે, ક્યાં તને મારા ધર્મકર્મમાં મદદ આપવી જોઇએ, મારા પરકાલની સદ્ગતિને માટે યત્ન કરવો જોઇએ, તે નહિ કરતાં તારી કેવળ કોશેશ એ છે કે મને માયા જાળમાં બંધ કરવો. શાસ્ત્રમાં લખ્યું છે, " કામિની, કાંચન ઝેરના જેવાં ત્યાગવા જોઇએ."

" પરિત્યાગ કરવી હોય તો સવારે કરજો, હમણાં રાતના બાર વાગ્યા છે, જરા ઊંઘવા દો. " આવું કહીને સુગંધી પાનથી વાસ મારતાં હોઠથી જરા ફુંક મારીને દીવો ઓલવીને ખાટલા ઉપર સૂતી.

"ગુરૂ મહારાજ, અબળાને સારી મતિ આપો." આવું કહીને દુર્ગાદાસ દીવો સળગાવીને ફરી વાંચવા બેઠો.

વાલકેશ્વરમાં એક ઝુંપડીમાં દુર્ગાદાસનો ગુરૂ રહેતો હતો. તેનું નામ સત્યાનંદ હતું. ગુરૂ કહો કે મિત્ર કહો, દુર્ગાદાસનો એ બધો હતો. જ્યારે કૉલેજમાં સાથે ભણુતા હતા ત્યારે બે જણુમાં ઘણીજ મિત્રતા હતી. તે વેળાએ સત્યાનંદ અચ્યુતાનંદનો એક મોટા ભક્ત તરીકે ઓળખાતો હતો, એટલુંજ નહિ પણુ એક વખતે કૉલેજમાં કેટલાક વિદ્યાર્થીઓ અચ્યુતાનંદની નિંદા કરવાથી દુર્ગાદાસ તેને ધુસો લગાડવામાં પ્રવૃત્ત થયો હતો. કૉલેજ છોડીને દુર્ગાદાસ સેક્રેટરીની ઑફ્સિમાં દાખલ થયો. અને સત્યાનંદે સંસારને અસાર સમજીને ભગવચ્ચિંતા તથા શાસ્ત્રાલોચનમાં મન લગાડયું.

સત્યાનંદનો બાપ પૈસાદાર છે. ઐશ્વર્યની લાલચો દેખાડીને તથા ઘણા યત્નો કર્યા છતાં પણુ પુત્રને સંસારમાં બાંધી રાખવા પામ્યો નહિ. સત્યાનંદ વાલકેશ્વરમાં એક નાની ઝુંપડી બાંધીને રહેવા લાગ્યો. બીજા સાધુ સંન્યાસીઓની પેઠે સત્યાનંદનો કંઇ બહારનો ભંડ નહોતો. જેમ સંસારી માણસો ધોતિયું પહેરણુ વગેરે પહેરે છે, તેમ સત્યાનંદ પણુ પહેરતો હતો. એ વાસ્તે દુર્ગાદાસ તેનાપર વધારે શ્રદ્ધા કરતો હતો. દુર્ગાદાસને સત્યાનંદે કેવા જાદુમંત્રથી વશીભૂત કર્યો હતો તે લોકો સમજી શકયા નહિ. સત્યાનંદ ઉઠવા કહે તો દુર્ગાદાસ ઉઠતો હતો, સત્યાનંદ બેસવા કહે તો દુર્ગાદાસ બેસતો હતો. દુઃખ સુખમાં તથા બધા કામમાં સત્યાનંદની સલાહ નહિ લેતાં દુર્ગાદાસ એક પગલું પણુ ભરતો નહોતો. લગ્નના ઉપર સત્યાનંદનો ઘણો ગુસ્સો હતો. અને દુર્ગાદાસને લગ્ન કરવાને હમેશા મનાઇ કરતો હતો. પરંતુ ભાગ્યના લેખ કોણુ ખંડન કરે? એક વર્ષની પહેલાં જ્યારે સત્યાનંદ તીર્થે કરવા નીકળ્યા હતા ત્યારે દુર્ગાદાસના બાપે જોર જુલમથી તેને પરણાવ્યો હતો. સત્યાનંદ તીર્થથી પાછો આવીને જ્યારે લગ્ન થવાની વાત સાંભળી ત્યારે અન્તઃકરણુ પૂર્વક ખેદ જણાવીને બોલ્યો, દુર્ગાદાસ ભાઇ, તમે ખુશીથી જાળમાં ફસાયા છે પણુ દુર્ગાદાસ ત્યારથી દિલગીર તથા ચિંતાતુર થઇ પડયો.

સવાર થતાં જ દુર્ગાદાસ સત્યાનંદની પાસે જઇ પહોંચ્યો અને બોલ્યો, "ભાઇ, લગ્ન કરીને કેવો ફસાયો છું, મેં ઝખ મારી. મારૂં ધર્મ જીવન તદ્દન રાખ થઇ ગયું. જેટલો જેટલો હું છેટે રહેવા ચાહું છે તેટલી મારી સ્ત્રી મને ફસાવવા ઇચ્છે છે. મારી ગીતા વેદાંત દર્શન ક્યાં ને ક્યાં ફેંકી દે છે તેનો પત્તો મળતો નથી. આજ કાલ વળી સણગાર સજવામાં વધારે ધ્યાન આપે છે. બપોરે લાલ આસમાની રંગની ફીતોથી વાળના અંબાડા જૂદી જૂદી રીતે બાંધે છે, વિનોલિયા સાબુ નહિ હોય તો તે મોં ધોતી નથી. એસેન્સ દર મહિનામાં ત્રણ ચાર રૂપીયાનો ખર્ચ થાય છે. એના શિવાય અંબોડામાં મોગરાની વેણીઓ, હાથ તથા પગમાં મેદી લગાડેલી હોય છે, હું તો ભાઇ હવે તેના ખર્ચ પૂરાં કરી શકતો નથી, હવે રસ્તો શો?"

સત્યાનંદે ગંભીરાઇથી જવાબ દીધો, "દુર્ગાદાસ, સાવચેત રહો, સાવચેત રહો, માયાની જાળમાં ફસાઈને ધર્મનો નાશ કરતા ના. સ્ત્રીથી સો હાથ દૂર રહેવું. જો તેમાં ઘણું ઘાતકીપણું થવાય તોપણ તેમ કરવું. આમ કર્યાથી પડવું થશે નહિ. તમારી સ્ત્રીનો વિલાસ દૂર કરવાનો રસ્તો તારા હાથમાં છે. તું તો ઘરનો માલેક છે. તારી સ્ત્રીને પૈસા આપવાનું બંધ કર. ધર્મજીવનના બધાં કાંટા ઉખાડી નાખ. યોગવાશિષ્ટમાં રામચંદ્રે કહ્યું. છે કેઃ—

त्वत्मासरक्त वाष्पाम्बु पृथक् कृत्वा विमोचनं
समालोकय रम्यं चेत् र्किं मुग्धा परिमुयासि

યુવતીની ચામડી માંસ લોહી વરાળ પાણીને જૂદા પાડીને જો કોઇ સૌન્દર્ય જોઇ શકે તો જુઓ, નહિ તો મિથ્યા મુગ્ધ થશો ના."

દુર્ગાદાસે કહ્યું, "સત્યાનંદ, તમે બરાબર કહ્યું." દુર્ગાદાસે ઘેર આવીને પોતાની માને કહ્યું, "મા, હું જે ધારીશ તે હું કરીશ તેમાં તુ હરકત નાખતી ના. જો તું હરકત કદીશ તો હું ઘરમાંથી ચાલ્યો જઇશ. હું હવે સારૂં ખાઇશ નહિ, આખી રાત ઓરડામાં યોગનો અભ્યાસ કરીશ, તું માથું કુટીને મરી જઇશ તો પણ હું તારી વાત સાંભળીશ નહિ."

વૃદ્ધ માએ મોંઢું ચઢાવીને કહ્યું, "ભાઈ, તને જે સારૂં લાગે તે કરજે, અમે કંઇ કહીશું નહિ."

ઉપર જઇને દુર્ગાદાસે સ્ત્રીને બોલાવીને કહ્યું, " ગોદાવરી, મારી જોડે આવી રીતે ઠઠ્ઠા મશ્કરી કરવાથી હવે ચાલશે નહિ. આ વખતે જો મારી પોથીઓ સંતાડીશ તો હું ઘરમાંથી ચાલ્યો જઇશ, અથવા હું તને તારે પીયરે મોકલી દઇશ. હવેથી સાબુ એસેન્સ અને બીજા ફાલતું ખર્ચને માટે એક પૈસો પણ આપીશ નહિ."

ગોદાવરીએ શાંતપણાથી દૃઢ અવાજથી કહ્યું, " ઠીક છે" આવું કહીને તે નીચે ઉતરી.

સ્વામી ઑફિસમાં ગયા પછી ગોદાવરીએ ઉપર જઇને કબાટ ઉઘાડયું. એસેન્સ સાબુ અને બીજી વિલાસની વસ્તુ બહાર કાઢીને પોતાની નાની નણંદને આપી. ધૂળ ઝાટકીને ઉપનિષદ શંકર ભાષ્ય વેદાન્ત દર્શન વગેરે યથાસ્થાનમાં ગોઠવીને રાખ્યાં. ગીતાનાં કેટલાંક પાનાં છુટા થયાં હતાં તેને ગુંદરથી ચોટાડીને રાખ્યાં. તે બધાં કામમાં બે આંસુનાં ટીપાં પણ નાંખ્યાં.

ઑફિસમાંથી આવીને દુર્ગાદાસે જોયું કે, ગોદાવરી આજે શણગારેલી નથી, અને પોતાના શાસ્ત્રો સાફ થયલા યથાસ્થાને વિરાજ કરે છે, તે વેળાએ તેના આનંદની સીમા રહી નહિ. જ્યારે સાંઝે સાધુ સંન્યાસીઓએ દુર્ગાદાસના ઘરને મઠ કરી મૂકયો, ત્યારે દુર્ગાદાસને બીજા દહાડાની પેઠે ચાહ લાવવા માટે હાંકો પાડવી પડી નહિ, નહિ કહેતાં જેટલા પ્યાલા ચાહની જરૂર હતી તે વગર કહેતાં આવ્યા. અને કોઇ ચાહના પ્યાલામાં ખાંડને બદલે મીઠું અથવા દૂધનો અભાવ જણાયો નહિ. ગોદાવરીની મતિ ફરી છે, એવું નક્કી કહીને દુર્ગાદાસે મનમાં ને મનમાં ભગવાનનો ઘણો આભાર માન્યો.

જ્યારે દુર્ગાદાસ આવી રીતે સાધુસંગની જોડે ધર્મની ચર્ચા કરવામાં મગ્ન રહેતો હતો, ત્યારે ગોદાવરી સૂવાના ઓરડામાં અગરબતી બાળતી હતી. ત્યાર પછી સ્વામીને બેસવા માટે મૃગચર્મ પાથરીને સામેના બાજઠ ઉપર ચોપડીઓ ગોઠવી રાખતી હતી. દુર્ગાદાસ હરણના ચામડા ઉપર બેસીને ઇષ્ટદેવતાનું નામ સ્મરણ કરીને જ્યારે ગીતાદિપાઠનો આરંભ કરતો હતો

ત્યારે ઉમરા ઉપર બેસીને એકાગ્રચિત્તથી તે સાંભળતી હતી. વખતો વખત બારીમાંથી હવાનો ઝપાટો આવીને દીવો ઓલવાઈ જતો હતો ત્યારે તરત ઉઠીને દીવાસળીની પેટી શોધીને તે સળગાવતી. રાતે બે વાગ્યા પછી દુ-ર્ગાદાસ નીચેના બિછાનાપર સુવાથી ગોદાવરી સ્વામીના પગ નીચેની સાદડી પાથરીને સુતી હતી.

સવારના પહોરમાં દુર્ગાદાસ સત્યાનંદની પાસે જઇને બોલ્યો, "ભા-ઈ, દવાનો ગુણ લાગ્યો છે. તમારા કહ્યા પ્રમાણે કામ કરીને એક દહાડામાં જ ગોદાવરીની મતિ ફરી ગઇ છે એ ઘણો નવાઇનો વિષય જોઉંછું. તેની બધી ચપળતા ધીર ગંભીરાઇમાં આવી છે, મારા સાધન ભજનમાં હવે કં-ઇ પણ હરકત નડતી નથી." આ સાંભળીને સત્યાનંદ ઘણો જ આનંદિ-ત થયો.

ગોદાવરી દાસીની પેઠે સેવા કરતી હતી, દુર્ગાદાસ શાસ્ત્રાલોચના ક-રતો હતો. આવી રીતે બે વર્ષ ચાલ્યાં ગયાં.

૨

સત્યાનંદ હવે વાલકેશ્વરમાં નથી. ડાકોરમાં જઇને રહ્યો છે. ત્યાં કો-લેરા થયો હતો. ગરીબ અનાથ વિધવા જેઓ દર્શન કરવા આવે છે, તે-ઓની દુર્દશા જોઇને દુઃખથી તેનું હૃદય ચીરાવવા લાગ્યું. કોઇ માંદુ છે રસ્તામાં પડીને તરફડિયાં મારે છે, મોંમાં પાણીનું એક ટીપું આપનાર પણ માણસ નથી. એવી અવસ્થામાં પાષંડ દુર્વૃત્તો વળી ઘણીક વખતે તે-ઓની પુંજી જે કંઇ હોય તે લુટી લેછે. સત્યાનંદ શહેરના ધનવાનોના દર-વાજે દરવાજે જઇને સમજાવીને દવા આપવાને કહ્યું. આખરે બધાની મદદથી તથા પોતાના યત્નથી એક આશ્રમ તથા દવાખાનું કાઢયું. બાપને કાગળ લખીને દર મહિને રૂપીઆની મદદ આપવાનો બંદોબસ્ત કર્યો. સ્કુલ-ના ભણનારાઓએ તેને આ કામમાં જોઇતી મદદ આપી—જેઓ રસ્તે રસ્તે ફરીને વિપત્તિમાં પડેલા માંદા માણસોને જોઇને ખોળામાં લઇને આશ્રમ-માં લાવવા લાગ્યા.

એક દહાડો સવારે માંદાઓને જોવા માટે બહાર સત્યાનંદ નીકળ્યો

હતો, રસ્તાપરના ઝાડની નીચે એક ખૂબસુરત છોકરી મરવાની અણી ઉ-પર પડેલી હતી. ઓળવવાની અણી ઉપર આવેલા દીવાના જેવું તેજ કહ્યા-થી તે બરાબર લાગું પડતું નથી, નવા ખીલેલા ઝાડથી પડેલા ફૂલના શિ-વાય તેની સૌન્દર્યની તુલના બીજાથી થવી સંભવતી નથી.

સત્યાનંદ તેને ઘેર લાવ્યો. તેની ઘણી સેવા ચાકરીથી તે છોકરી જીવી. શરીરમાં જરા બળ આવ્યાથી છોકરીએ સત્યાનંદને કહ્યું, " જુઓ, તમે મને જીવનદાન કર્યું છે, કૃપા કરીને આપની સેવાવ્રતમાં મને દાસી નિયુ-ક્ત કરો. હું હવે બીજી જગાએ જઇશ નહિ." સત્યાનંદે પૂછ્યાથી જાણ્યું કે છોકરી અનાથ પોતાની જાતની બ્રાહ્મણની કન્યા અને વગર પરણેલીછે.

સત્યાનંદ હમણાં ઘણું કરીને વિચારમાં રહેતો હતો. પહેલા પૂજા અ-ર્ચામાં ત્રણ કલાક ગાળતો હતો પણ હમણાં હવે તે પંદર મીનિટમાં ઉકેલી નાખે છે. શાસ્ત્ર ગ્રંથો હવે ગાંસડીમાંથી છુટતાં નથી. સત્યાનંદ હવે ઘણુ કરીને ઘરનો બહાર નીકળતો નથી. છોકરીને રોગમાંથી છોડાવવા જતાં સ-ત્યાનંદ પોતે ભારે મનના રોગમાં ફસાઈ ગયો હતો.

આકાશમાં વાદળાં જ્યાં સુધી બની શકે છે ત્યાં સુધી વરસાદના કણો પોતાની સમાટી ઉપર ઝાલી રાખે છે, પણ તાઢો પવન આવતાં જ પાણીનો ભાર ધારણ કરવાનું તેનામાં સામર્થ્ય રહેતું નથી. જ્યાં સુધી બની શક્યું ત્યાં સુધી સત્યાનંદે મનનો આવેગ દાબી રાખ્યો હતો, પરંતુ આખરે જ્યારે અસહ્ય થઇ પડયું ત્યારે એક દિવસે છોકરીને બોલાવીને તેણે કહ્યું, " જો હવે આપણને આવી રીતે રહેવું શોભતું નથી. હું તારી જોડે લગ્ન કરવા ઇચ્છું છું તેમાં તારો શો અભિપ્રાય છે. ? " છોકરીએ બે ગાલપર લોહી દોડાવીને માથું નીચું ઘાલીને મુંગાપણાની સંમતિ જણાવી.

સત્યાનંદે બધી હકીકત પોતાના બાપને લખી જણાવી. બાપને કા-ગળ મળ્યાથી ખુશીમાં ગાંડા જેવો થઇને તેજ દહાડે ડાકોર તરફ જવા નીકળ્યો. ડાકોરમાં આવીને એક બે દિવસમાં છોકરાના લગ્ન કર્યા અને ધીરે ધીરે સંસારનો બોઝો પણ તેના માથે મૂકયો.

દુર્ગાદાસ સત્યાનંદના લગ્નની વાત જાણતો નહોતો. એક દહાડો "સ-

વારે પોતાના ઓરડામાં બેસીને દુર્ગાદાસ જ્યોતિષ શાસ્ત્રનો અભ્યાસ કરે છે, એકાગ્રમનથી ગ્રહ નક્ષત્રની સાથે માનવજીવનના રહસ્યમય સંબંધના નિર્ણમાં લાગેલો છે. એવામાં ગાડીમાં સત્યાનંદ તથા તેની સ્ત્રી આવ્યા. દુર્ગાદાસને જોઇને સત્યાનંદે કહ્યું, " ભાઈ! તને સરપ્રાઇઝ કરવામી ઇચ્છા હતી તેથી તને મેં લખ્યું નહોતું. મેં લગ્ન કર્યા છે, આ મારી સ્ત્રી છે. તે વિશે મારે ઘણી વાતો કહેવાની છે. તું કાલે મારે ત્યાં આવજે. હું બધું કહીશ. હું તાડદેવીપર માણેકજીના બંગલામાં રહું છું. "

સત્યાનંદની જોડે ઘરની બધી સ્ત્રીઓ પહેલા બોલતી હતી. સન્યાનંદ અને તેની સ્ત્રીને દુર્ગાદાસ ઉપર લઇ ગયો. ગોદાવરીએ ઘણા માન સાથે તેઓને આવકાર દીધો. અને વાતચિત કર્યા પછી ઘરમાંથી કંઇક મીઠાઇ તથા કેરી લાવીને તેઓને ખવાડી. દુર્ગાદાસ આટલો વખત સુધી માથુ નીચુ ઘાલીને ઓરડાની એક બાજુએ અપરાધીની પેઠે ઉભો રહ્યો. એક બાજુએ ઘરેણાં પહેરેલી અતર ગુલાબથી બહેકતી વિલાસીની સત્યાનંદની સ્ત્રી છે, બીજી તરફ નિરાશ ચહેરાની, દીન નયનની, તેલ વિનાના વિખરાયલા વાળની ગોદાવરી છે. દુઃખ લજ્જા અનુતાપ ધિક્કારથી દુર્ગાદાસના છાતીનાં બંધન ખસવા લાગ્યાં. સત્યાનંદે પૂછ્યું, " દુર્ગાદાસ! તું કંઇ બોલતો નથી! દુર્ગાદાસે કહ્યું, " મારા જીવને સારૂં નથી. "

સત્યાનંદ તથા તેની સ્ત્રી ચાલ્યા ગયા, દુર્ગાદાસે કેવી ભૂલ કરી છે તેથી બે હાથ પસારીને આવેગ કંપિત છાતીથી ગોદાવરીને ભેટીને ચુમ્બન કરવા ગયો, ગોદાવરીએ ડોકુ ફેરવીને બે હાથ ચહેરા ઉપર ઢાંકીને કહ્યું, "હું તમારી સહધર્મિણી છું, માયા ફેલાવનારી નથી. " કોઇ પ્રકારે ચુમ્બન કરવા દીધું નહિ.

નારાયણ હેમચંદ્રનાં પુસ્તકો.

વાર્તાનાં પુસ્તકો.

પ્રિય દર્શિકા.	૦।
પાંચ વાર્તા.	૦।
જુની પુરાની વાર્તા (૪ વાર્તા)	૦।
ફૂલદાની અને બીજી વાર્તા(૪ વાર્તા)	૦।
સ્ત્રીસદ્બોધ વાર્તાવલિ (૫ વાર્તા)	૦।
બદરૂદીન.	૦।=
કોહિનુર	૦॥
કેટલીક વાર્તા (૫ વાર્તા)	૦।
કર્પૂરમંજરી	૦।
રજપુત ટેક વાર્તા (૭ વાર્તા)	૦।
સુંદરલાલ	૦।
રામચરિત	૦।=
મૃણાલિની	૦॥
કર્ણસુંદરી	૦।
સ્નેહ તરંગ (૧૩ વાર્તા)	૦॥
અવગુણ પર ગુણ (૫ વાર્તા)	૦।
જયસિંહ	૦॥
વિવિધ મીઠી વાર્તા (૬ વાર્તા)	૦॥
કમળ કુમારી	૦॥
પ્રેમ તરંગ (૧૮ વાર્તા)	૧॥
વાસવદત્તા	૦॥
નાની મીઠી વાર્તા (૮ વાર્તા)	૦॥
રોમિયો અને જુલિયટ	૦॥
રત્નાવળી	૦॥
રાજાર્ષિ ગોવિંદ માણિક્ય	૦॥।
લક્ષ્મી	૦॥।
મા અને દીકરી	૦॥।
હીરાકંઠી	૦॥।
નર્મદા	૦॥।
કમળ	૦॥।
સ્નેહ કુટીર (૫ વાર્તા)	૦॥।
નંદકોર	૦॥।
માણેક	૦॥।
પ્રેમ કથા (૫ વાર્તા)	૦॥।
કૃષ્ણલાલનું વિઘ્ન	૦॥।
ફુલની માળા	૦॥।
વિષ વૃક્ષ	૦॥।
યોગ જીવન	૦॥।
જીવન સંધ્યા	૧
વૈદ્યકન્યા	૦।=
હૃદય વિકાસ (૫ વાર્તા)	૦।=
ઉત્તરરામ ચરિત (વાર્તા)	૦।=
જીવન પ્રભાત	૧
સ્નેહ રશ્મિ	૧।
રસ રશ્મિ	૨॥
પ્રેમ રશ્મિ	૧॥
અશ્રુમતી નાટક	૦॥

સાહિત્યનાં પુસ્તકો.

નાટક તત્વ	૦॥
ગાયન તત્વ	૦।
કાવ્ય તત્વ	૦॥
કવિ તત્વ	૦॥
કાલિદાસ અને શેકસપિયરની તુલના	૦॥
કાવ્ય ચર્ચા	૦।=
સંગીત ચર્ચા	૦।=
નાટ્ય ચર્ચા	૦।=
ગ્રંથ ચર્ચા	૦।=
ઐતિહાસિક ચર્ચા	૦।=
જીવન ચરિત્ર વિષે ચર્ચા	૦।
સાહિત્ય ચર્ચા	૨॥

ધર્મનાં પુસ્તકો.

હિંદુશાસ્ત્ર–રામાયણ	૧ાા
હિંદુશાસ્ત્ર–અઢાર પુરાણ	૧ાા
ધર્મબંધુ	ોા
હિંદુશાસ્ત્ર–વેદસંહિતા	ોા≈
ધર્મ તત્વ	ોા
સંસાર ધર્મનીતિ	ોા
ધર્મજ્ઞાન	ોાા
ઈશ્વર જ્ઞાન	ોાા
હૃદય તત્વ	ોાા
બ્રાહ્મ ધર્મનાં વ્યાખ્યાન	૧
ઉપનિષદ	ોા≈
કર્તવ્ય કર્મ	ોા≈
આર્યધર્મ નીતિ	ોા≈
બ્રાહ્મધર્મ	ોા≈

વિજ્ઞાનનાં પુસ્તકો

સ્મૃતિ વર્દ્ધન શાસ્ત્ર.	ોા
તારા મંડળ	ોા
હસવા રોવાનું તત્વ	ોા
વિશ્વ ઉત્પત્તિ તત્વ	ોા
મનુષ્યોત્પત્તિ તત્વ	ોા
પૃથ્વી ઉત્પત્તિ તત્વ	ોા
સમાજ ઉત્પત્તિ તત્વ	ોા
રાજ્ય ઉત્પત્તિ તત્વ	ોા
બ્રહ્માંડ તત્વ	ોા≈
જીવોત્પત્તિ તત્વ	ોા
સૂર્ય	ોા
સૃષ્ટિ ઉત્પત્તિ તત્વ	ોા
આધ્યાત્મિક વિજ્ઞાન તત્વ	ોાા
બૈજિક તત્વ	ોાા
સૌન્દર્ય તત્વ	ોાા
પ્રેમ તત્વ	ોાા
હતતત્વ વિવેક	ોાા
અપરાધ તત્વ	ોાા
વિવિધ જ્ઞાન	ોાા
જ્ઞાન મંદિર	૪

જીવન ચરિતનાં પુસ્તકો.

કીર્તિ મંદિર	૪
હું પોતે	૨
વીરમંડળ ભાગ ૧ લો	૧
વીરમંડળ ભાગ ૨ જો	ોાાા
સ્વદેશ પ્રેમી પુરૂષો	ોા≈
જાનસ્ટુઅર્ટમિલનું જીવનચરિત	ોાા
ડાક્ટર સામ્યુઅલ જાનસનનું જીવન ચરિત	ોા≈
થિયોડર પાર્કરનું જીવન ચરિત	ોાા
ફાધર ડામિયનનું જીવન ચરિત	ોા≈
કેશવ ચરિત	ોા≈
આર્યજીવન ચરિતમાળા	ોા≈
બાળબોધક વાર્તા	ોાા
છોકરાંનાં સારાં કામ	ોા≈

સ્ત્રીઉપયોગી પુસ્તકો.

સ્ત્રીસૌન્દર્ય મંદિર	૪
રમણી રત્નમાળા	૨
સ્ત્રીહિત શિક્ષા	ોા≈
સ્ત્રીઓનાં સારાં કામ	ોા
હિંદુસ્ત્રીઓનાં યશોગાન	ોા
બહેન ડોરાનું જીવન ચરિત	ો)≈

નારણહેમચંદ્ર.

ભાવસજી પટેલ તળાવ રસ્તો મુંબઈ